વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**Part-1** **E-COPY**

**01/08/2022 to 10/08/2022**










ભારત દ્વારા કાલાઅઝર બિમારીને વર્ષ 2023 સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્ય.

ભારત અને વિયેતનામ વચ્ચે "EX-VINBAX – 2022" દ્વિપક્ષીય આર્મી કવાયત યોજાઈ.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0ના અમલીકરણ માટે માર્ગદર્શિકા જાહેર કરી.

સની શેટ્ટી 'ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2022' બની.

પેજ નં. 07
સુરતના હજીરા ખાતે દેશના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન નેચરલ ગેસ બ્લેન્ડિંગ પ્રોજેકટનો શિલાન્યાસ.

પેજ નં. 18
ભારતમાં ઓકટોબરથી 5G સેવાઓ શરૂ થશે.

પેજ નં. 23
તમિલનાડુ પોલીસને "પ્રેસિડન્ટ કલર્સ" એવોર્ડ એનાયત.

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | નેશનલ એસોસિયેશન ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયાની 16મી બેઠક યોજાઈ. | 04 |
| 2 | ભારત સરકાર દ્વારા કુપોષણને કાબૂમાં લેવા માટે લક્ષ્યાંકો જાહેર કરવામાં આવ્યા. | 04 |
| 3 | લોકસભામાં યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISE+) 2020-21 માંથી ડેટા રજૂ કરવામાં આવ્યો. | 06 |
| 4 | ભારત સરકાર દ્વારા આયુષ મંત્રાલય હેઠળ ફાર્માકોપિયા (ઔષધસંગ્રહ અથવા સ્ટૉક) કમિશનની પુનઃ રચના કરવામાં આવી. | 06 |
| | **ગુજરાત** | |
| 5 | ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'પી.એમ. સ્વનિધિ ઉત્સવ' ઉજવાયો. | 07 |
| 6 | સુરતના હજીરા ખાતે દેશના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન નેચરલ ગેસ બ્લેન્ડિંગ પ્રોજેકટનો શિલાન્યાસ. | 07 |
| 7 | ચિલ્ડ્રન યુનિવર્સિટી તથા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનના સંયુકત ઉપક્રમે ગાંધીનગર ખાતે 'મોદી@20ડ્રીમ્સ મીટ ડિલવરી' કાર્યક્રમ યોજાયો. | 07 |
| 8 | ગુજરાતમાં L & T પાંચ વર્ષમાં IT પાર્કની સ્થાપના કરશે. | 07 |
| 9 | વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને વિવિધ પ્રોજેકટનું પ્રધાનમંત્રી દ્વારા વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો. | 08 |
| 10 | ગુજરાત રાજયનો રાજયવ્યાપી 'હર ઘર તિરંગા' અભિયાનનો મુખ્યમંત્રીએ સુરતથી શુભારંભ કરાવ્યો. | 08 |
| 11 | વિશ્વમાં પ્રથમ વાર ગુજરાતના ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામના ખેતરોમાં ડ્રોનથી નેનો યુરિયા છંટકાવનો મુખ્યમંત્રીએ શુભારંભ કર્યો હતો. | 08 |
| 12 | તરણેતરના લોકમેળામાં 17મા 'ગ્રામીણ ઓલિમ્પિક'નું આયોજન. | 09 |
| 13 | ગુજરાતના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી Td-10 અને Td-16 રસીકરણ અભિયાન કાર્યક્રમનો રાજયવ્યાપી શુભારંભ કર્યો. | 09 |
| 14 | ગુજરાત રાજ્યની ગુજકોસ્ટ (GUJCOST)ને દેશના 28 'રજિસ્ટર્ડ સ્પેસ ટયુટર'માં સ્થાન પ્રાપ્ત થયું છે. | 09 |
| 15 | ગુજરાતમાં 9 ઓગસ્ટના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજયકક્ષાની ઉજવણી દાહોદના ઝાલોદ ખાતે કરવામાં આવી હતી. | 10 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 16 | ભારતીય હવામાન વિભાગ દ્વારા એરિડિટિ અનોમલી આઉટલુક ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો. | 11 |
| 17 | RBI દ્વારા ફાયનાન્સિયલ ઈન્કલ્યુઝન ઈન્ડેક્સ (FI – Index) જાહેર કરવામાં આવ્યો. | 11 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 18 | યુનાઈટેડ નેશન્સ દ્વારા વિસ્થાપિત બાળકો (Displaced Children) માટેની માર્ગદર્શિકા જાહેર કરાઈ. | 12 |
| 19 | ભારત અને ઉઝબેકિસ્તાનના આંતર સરકારી આયોગ (Inter Govermental Commission)ના 13મા સત્રનો નવી દિલ્હી ખાતે આયોજન. | 13 |

| | | |
|---|---|---|
| 20 | ભારત અને મોરેસિયસની ઉચ્ચ અધિકારી પ્રાપ્ત સંયુક્ત વેપાર સમિતિના પ્રથમ સત્રનું આયોજન. | 13 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 21 | નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટમાં કેન્દ્રીય મંત્રાલયના પોર્ટલમાં ગૃહ મંત્રાલય પ્રથમ સ્થાને. | 14 |
| 22 | MSME મંત્રાલયના 'ઉદ્યમ પોર્ટલ' પર 1 કરોડ MSME નું રજિસ્ટ્રેશન થયું. | 15 |
| 23 | નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન અંતર્ગત ઈન્ક્યુબેશન સેન્ટરો સ્થાપવા માટેની અરજી મંગાવવાની શરૂઆત. | 15 |
| 24 | સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0ના અમલીકરણ માટે માર્ગદર્શિકા જાહેર. | 16 |
| 25 | નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) દ્વારા આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે 52 આરોગ્ય સેવા એપ્લિકેશનોનું એકીકરણ કરવામાં આવશે. | 16 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 26 | વૈજ્ઞાનિકોએ વિશ્વના સૌથી ટકાઉ હાઈડ્રોજન ફ્યુઅલ સેલનું નિર્માણ કર્યું. | 18 |
| 27 | ભારતમાં ઓક્ટોબરથી 5G સેવાઓ શરૂ થશે. | 18 |
| 28 | ઔરંગાબાદ શહેર 'પર્યાવરણીય અંતરદ્દષ્ટિ પ્રદર્શિત' (Environmental Insights Explorer) ડેટા બહાર પાડનાર ભારતનું પ્રથમ શહેર. | 19 |
| 29 | ભારત અને વિયેતનામ વચ્ચે "EX-VINBAX – 2022" દ્વિપક્ષીય આર્મી કવાયત યોજાઈ. | 19 |
| 30 | ભારતમાં 10 નવી રામસર સાઈટ્સ જાહેર. | 19 |
| 31 | ભારતીય સેનાની "સ્કાઈલાઈટ મેગા એક્સરસાઈઝ" (Skylight Mega Exercise). | 21 |
| 32 | ભારત દ્વારા કાલા અઝાર બિમારીને વર્ષ 2023 સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્ય. | 21 |
| | **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 33 | United Nation General Assembly (UNGA) દ્વારા "સ્વસ્થ પર્યાવરણ"ને માનવ અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી. | 21 |
| 34 | સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના નવા કમિશનર તરીકે સુરેશ પટેલની નિમણૂક. | 22 |
| 35 | પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)ના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈની નિમણૂંક. | 22 |
| 36 | ભારતમાં 44મી આંતરરાષ્ટ્રીય ચેસ ઓલિમ્પિયાડનું આયોજન. | 23 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 37 | તમિલનાડુ પોલીસને "પ્રેસિડન્ટ કલર્સ" એવોર્ડ એનાયત. | 23 |
| | **મહત્વના દિવસો** | |
| 38 | વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી | 25 |
| 39 | 1 ઓગસ્ટ – વર્લ્ડ વાઈડ વેબ (WWW) દિવસ | 25 |
| 40 | 1 ઓગસ્ટ – મુસ્લિમ મહિલા અધિકાર દિવસ | 25 |
| 41 | 6 ઓગસ્ટ – હિરોશિમા દિવસ | 26 |
| 42 | 7 ઓગસ્ટ – રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ | 26 |
| 43 | 9 ઓગસ્ટ – નાગાસાકી દિવસ | 26 |
| 44 | 9 ઓગસ્ટ – વિશ્વ આદિવાસી દિવસ | 27 |

| શબ્દાવલી | | |
|---|---|---|
| 45 | કંગારૂ કોર્ટ (Kangaroo Court) | 27 |
| 46 | ફ્રીબીઝ (Freebies) | 27 |
| 47 | ચૂંટણી બોન્ડ (Electoral Bond) | 28 |
| Current Affairs Booster | | 29 |
| Facts.... Inshort | | 35 |


Banking Academy

## મહત્વના મુખ્ય મુદ્દાઓ

### ❖ નેશનલ એસોસિયેશન ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયાની 16મી બેઠક યોજાઈ.




→ તાજેતરમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપ સિંહ પુરીએ નેશનલ એસોસિયેશન ઓફ સ્ટ્રીય વેન્ડર્સ ઓફ ઈન્ડિયાની (NASVI) 16મી બેઠક (મિટિંગ)ને સંબોધિત કરી હતી.

→ સ્ટ્રીટ વેન્ડર્સએ ભારતની આર્થિક વૃદ્ધિનો મહત્વપૂર્ણ ભાગ છે.

→ આ મિટિંગમાં કેન્દ્રીયમંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું કે સ્ટ્રીટ વેન્ડર્સને તેમના વ્યવસાયો ફરી શરૂ કરવામાં મદદ કરવા માટે કેપિટલ વર્કિંગ લોન આપવામાં આવી છે, જે COVID-19 રોગચાળા દરમિયાન પ્રભાવિત થયા છે.

→ આ બેઠક અંતર્ગત 30 લાખથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સને 3661 કરોડ રૂપિયા માઈક્રો ક્રેડિટ તરીકે પૂરા પાડવામાં આવ્યા છે.

→ આ મિટિંગમાં સ્વનિધિ સે સમૃદ્ધિના પ્રથમ તબક્કા (જાન્યુઆરી 2021માં શરૂ) હેઠળ 125 શહેરોમાં 31 લાખ શેરી વિક્રેતાઓ અને તેમના પરિવારોને આવરી લેવામાં આવ્યા છે.

- **<u>વિશેષ :</u>**

→ તાજેતરમાં વિશ્વના મોટા શહેરોમાં ખાસ કરીને એશિયા, ઉત્તરી અમેરિકા અને આફ્રિકાના વિકાસશીલ દેશોમાં શેરી વિક્રેતાઓ (Street Vendors) ની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

→ ભારતમાં શેરી વિક્રેતાઓની સંખ્યા લગભગ 49.98 લાખ છે જેમાં ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ 8.49 લાખ, ત્યારબાદ મધ્યપ્રદેશમાં 7.04 લાખ છે.

→ દિલ્હીમાં માત્ર 72457 શેરી વિક્રેતાઓ છે જ્યારે સિક્કિમમાં કોઈપણ શેરી વિક્રેતાઓની ઓળખ થઈ નથી.

### ❖ ભારત સરકાર દ્વારા કુપોષણને કાબૂમાં લેવા માટે લક્ષ્યાંકો જાહેર કરવામાં આવ્યા.



→ તાજેતરમાં ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા ભારતમાં કુપોષણને કાબૂમાં લેવા માટેના લક્ષ્યાંકો જાહેર કરવામાં આવ્યા છે.

→ આ લક્ષ્યાંકો મુજબ દર વર્ષે 6 વર્ષથી નીચેના બાળકોમાં સ્ટંટિંગ (ઉંમર પ્રમાણે ઓછું વજન) અને અલ્પ પોષણ (ઓછું વજન)ને 2% સુધી ઘટાડવાનો હેતુ છે.

- **<u>ભારતમાં કુપોષણની હાલની સ્થિતિ :</u>**

→ તાજેતરમાં બહાર પાડવામાં આવેલ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે–5માં ભારતના કુપોષણની સ્થિતિ વિશે માહિતી આપવામાં આવી છે.

→ National Family Health Survey-5 મુજબ બાળકોમાં સ્ટંટિંગ (ઉંમર પ્રમાણે ઓછું વજન) 38.4% થી ઘટીને 35.5% થયું છે, વાસ્ટિંગ (ઉંચાઈ પ્રમાણે ઓછું વજન) 21% થી ઘટીને 19.3% થયું છે અને અન્ડરવેઈટ (ઓછુ વજન) 35.8% થી ઘટીને 32% થયું છે.

→ NFHS-5 અંતર્ગત મેઘાલયમાં સૌથી વધુ સ્ટન્ટેડ (ઉંમર પ્રમાણે વજન) બાળકોનું પ્રમાણ 46.5% છે, ત્યારબાદ બિહારમાં 42.9% છે.

→ NFHS-5 મુજબ બિહારમાં સૌથી વધુ ઓછા વજનવાળા (Under Weight) બાળકોનું પ્રમાણ 41% છે, ત્યારબાદ ગુજરાતમાં 39.7% અને ઝારખંડમાં 39.4% છે અને મહારાષ્ટ્રમાં સૌથી વધુ વાસ્ટેડ (ઊંચાઈ પ્રમાણે ઓછું વજન) બાળકો છે જેનું પ્રમાણ 25.6% છે, ત્યારબાદ ગુજરાત 25% સાથે દ્વિતીય ક્રમાંકે છે.

→ NFHS-5 પ્રમાણે આસામ, બિહાર, દાદરા નગર હવેલી, કર્ણાટક અને પશ્ચિમ બંગાળમાં વાસ્ટેડ (ઊંચાઈ પ્રમાણે ઓછું વજન) બાળકોની ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ (19.3%) કરતા વધુ છે અને ઓછા વજનવાળા (Under Weight) બાળકોની ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ (32.1%) કરતા વધુ છે.

→ NFHS-5 મુજબ ઝારખંડમાં 15 થી 49 વર્ષની વચ્ચેની મહિલાઓની સૌથી વધુ ટકાવારી (26%) છે, જેમનું બોડી માસ ઈન્ડેક્સ (BMI) સામાન્ય BMI (18.5) કરતા ઓછો છે.

→ NFHS-5 અનુસાર બિહાર, છત્તીસગઢ, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓડિશામાં પણ કુપોષિત મહિલાઓની ટકાવારી વધારે પ્રમાણમાં છે.

→ ભારતનો કુલ પ્રજનન દર (સ્ત્રી દીઠ બાળકોની સરેરશ સંખ્યા) NFHS-4 અને 5 વચ્ચે 2.2 થી ઘટીને 2 થયો છે.

Banking Academy

Govt. Job
મેળવવાની
સુવર્ણ તક

# IBPS Recruitment - 2022

Online Form: 2nd August 2022 To 22nd August 2022

# IBPS PO
(Officer)

Education Qualification
Any Graduates

Total Vacancies
6432+

We are
History Creator
2570+
Highest Selections in
Govt Banks
PO/CLERK

Join Gujarat Top Ranked Institute .....

ADMISSION OPEN


Don't Wait..! Join Now Your Nearest Branch

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

New Class starts From
08th August, 2022

| Surat (HO-Udhna) | Varachha (Surat) | Navsari | Vyara |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

## ❖ લોકસભામાં યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISE+) 2020-21 માંથી ડેટા રજૂ કરવામાં આવ્યો.




→ તાજેતરમાં લોકસભામાં રજૂ કરવામાં આવેલા ડેટા અનુસાર ઓછામાં ઓછા 10 રાજ્યોમાં 10 ટકાથી ઓછી શાળાઓ માહિતી અને સંચાર ટેકનોલોજી (ICT) સાધનોથી સજ્જ છે.

→ આ ડેટા યુનિફાઈડ ડિસ્ટ્રિક્ટ ઈન્ફોર્મેશન અને સિસ્ટમ ફોર એજ્યુકેશ પ્લસ (UDISE+) માંથી લેવામાં આવ્યો છે.

→ આ ડેટા મુજબ માહિતી અને સંચાર ટેકનોલોજી (ICT)ના સાધનોથી સજ્જ શાળાઓમાં 10 થી 100 ટકા વાળા રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને ટકાવારી શ્રેણીમાં નીચે મુજબ વિભાજિત કરવામાં આવ્યા છે.

→ આ ડેટા મુજબ ICT સાધનોથી સજ્જ શાળાઓની 10% થી ઓછી કેટેગરીમાં મધ્યપ્રદેશ (1.37%), બિહાર (2.60%), ઉત્તરપ્રદેશ (3.08%), આંધ્રપ્રદેશ (4.33%), મેઘાલય (5.31%), નાગાલેન્ડ (7.30%), મહારાષ્ટ્ર (7.77%), ઝારખંડ (8.24%), ગુજરાત (8.30%) અને અરૂણાચલપ્રદેશ (9.79%) નો સમાવેશ થાય છે.

| (1) | 10 – 20% કેટેગરી | |
|---|---|---|
| 1 | છત્તીસગઢ | 10.41% |
| 2 | જમ્મુ અને કાશ્મીર | 18.10% |
| 3 | કર્ણાટક | 15.00% |
| (2) | 21 – 30% કેટેગરી | |
| 1 | તેલંગાણા | 26.20% |
| (3) | 31 – 40% કેટેગરી | |
| 1 | દાદરા નગર હવેલી અને દમણ દીવ | 30.81% |
| 2 | ગોવા | 39.55% |
| 3 | રાજસ્થાન | 32.46% |
| (4) | 41 – 50% કેટેગરી | |
| 1 | હિમાચલ પ્રદેશ | 45.53% |
| 2 | સિક્કિમ | 46.77% |
| 3 | તમિલનાડુ | 48.61% |
| 4 | પશ્ચિમ બંગાળ | 41.9% |

| (5) | 51 – 60% કેટગેરી | |
|---|---|---|
| 1 | હરિયાણા | 51.97% |
| (6) | 71 – 80% કેટેગરી | |
| 1 | આંદામાન અને નિકોબાર દ્વીપ | 78.98% |
| 2 | લક્ષ્યદ્વીપ | 80.00% |
| (7) | 81 – 90% કેટેગરી | |
| 1 | કેરળ | 85.99% |
| (8) | 91 – 100% કેટેગરી | |
| 1 | ચંદીગઢ | 98.23% |
| 2 | દિલ્હી | 92.20% |
| 3 | પુડુચેરી | 95.77% |
| 4 | પંજાબ | 97.76% |

- **ICT સાધનો વિશે :**

→ ICT સાધનો એ શીખવવા અને શીખવા માટેના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચરથી લઈને દરેક વસ્તુને આવરી લે છે જેમ કે પ્રિન્ટર, કમ્પ્યૂટર, લેપટોપ, ટેબલેટ વગેરેથી લઈને સોફ્ટવેર ટૂલ્સ (ગુગલ મીટ, ગુગલ સ્પ્રેડશીટ) વગેરે.

→ ICT સાધનો માહિતીને ડિજિટલ રીતે એક્સેસ કરવા, પુનઃ પ્રાપ્ત કરવા, સંગ્રહિત કરવા, ટ્રાન્સમિટ કરવા અને સંશોધિત કરવાના સાધનો છે.

## ❖ ભારત સરકાર દ્વારા આયુષ મંત્રાલય હેઠળ ફાર્માકોપિયા (ઔષધસંગ્રહ અથવા સ્ટૉક) કમિશનની પુનઃ રચના કરવામાં આવી.

→ તાજેતરમાં ભારત સરકાર દ્વારા આયુષ મંત્રાલય હેઠળ ગૌણ કાર્યાલય તરીકે ભારતીય દવા અને હોમિયોપેથી માટે ફાર્માકોપિયા કમિશન (Pharmacopoeia Commission for indian Medicine & Homeopathy) ને ફાર્માકોપિયા લેબોરેટરી ફોર ઈન્ડિયન મેડિસિન (PLIM) અને હોમિયોપેથિક ફાર્માકોપિયા લેબોરેટરી (HPL) સાથે જોડાણ કરીને પુનઃ રચના કરવામાં આવી છે.

→ આ કમિશન આયુર્વેદિક, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથિક દવાઓ માટે ફાર્માકોપોયલ ધોરણોના વિકાસનું કાર્ય કરે છે અને આ આયોગ ભારતીય દવા અને હોમિયોપેથીની પ્રણાલીઓ માટે સેન્ટ્રલ ડ્રગ ટેસ્ટિંગ કમ એપેલેટ લેબોરેટરી તરીકે પણ કામ કરે છે.

→ આ કમિશન પુનઃ રચના પછી આયુર્વેદિક, સિદ્ધ, યુનાની અને હોમિયોપેથિક (ASU&H) દવાઓના કુલ 1483 નમૂનાઓનું વર્ષ 2020 થી અત્યાર સુધી પરીક્ષણ કરવામાં આવ્યું છે.


Banking Academy

- **ફાર્માકોપિયા કમિશન :**

→ ફાર્માકોપિયા કમિશન ઓફ ઈન્ડિયન મેડિસીન એન્ડ હોમિયોપોથી (PCIM&H) એ આયુષ મંત્રાલયના નેજા હેઠળની એક સ્વાયત્ત સંસ્થા (Autonomus Body) છે, જેની સ્થાપના વર્ષ 2010 થી થઈ છે.

→ ફાર્માકોપિયાએ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિકસ એકટ–1940 અને તેના હેઠળના નિયમો–1945 મુજબ ધોરણોનું સત્તાવાર રીતે માન્ય પુસ્તક છે, જેમાં દવાઓ, રસાયણો અને ઔષધીય તૈયારીઓનું વર્ણન કરેલું છે.

→ આ કમિશન ભારતમાં ઉત્પાદિત અને માર્કેટિંગ કરવામાં આવતી દવાઓના ધોરણોને સ્પષ્ટ કરે છે.




## ❖ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'પી.એમ. સ્વનિધિ ઉત્સવ' ઉજવાયો.

→ આ પ્રસંગે કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી ડો. ભાગવત કરાડ કેન્દ્રીય રાજ્યમંત્રી મહેન્દ્ર, મુંજપરા, ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 26 ફેરિયાઓને કુલ 6 લાખની લોન–ધિરાણના ચેક વિતરણ કર્યા હતા.




→ ગુજરાતના 2.35 લાખ શેરી ફેરિયાઓને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત રૂ. 263 કરોડની સહાય કરવામાં આવી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

- **પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના :**

→ આ યોજનાનું પૂરું નામ PM Street Vendor's Atmanirbhar Nidhi (PM-SVANidhi) છે.

→ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આ યોજનાની શરૂઆત વર્ષ 2020 માં કરવામાં આવી હતી.

→ જેનો ઉદ્દેશ શહેરોમાં સ્ટ્રીટ વેન્ડર્સ, લારીવાળા કે સડક કિનારે દુકાન ચલાવનારા ધિરાણ મેળવી શકે તે માટેનો છે.

→ આ યોજના હેઠળ 50 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને ડિસેમ્બર 2024 સુધીમાં ધિરાણ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

→ સ્ટ્રીટ વેન્ડર્સ આ યોજના દ્વારા 10,000 રૂપિયા સુધીની લોન લઈ શકે છે.

## ❖ સુરતના હજીરા ખાતે દેશના પ્રથમ ગ્રીન હાઈડ્રોજન નેચરલ ગેસ બ્લેન્ડિંગ પ્રોજેકટનો શિલાન્યાસ.

→ સુરત નજીકના કવાસ સ્થિત આદિત્ય નગરમાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) અને ગુજરાત ગેસ કંપનીના સંયુકત રીતે યોજાયેલા કાર્યક્રમમાં ગ્રીન હાઈડ્રોજન નેચરલ ગેસ બ્લેન્ડીંગ પ્રોજેકટનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ શિલાન્યાસ કર્યો હતો.

→ આ પ્લાન્ટ ગ્રીન હાઈડ્રોજનને નેચરલ ગેસથી મિશ્રણ (Blending) થનાર દેશનો પ્રથમ પ્લાન્ટ બનશે.

→ આ નેચરલ ગેસને ગ્રીન હાઈડ્રોજન સાથે મિશ્રણ કરીને કવાસના 200 જેટલાં ઘરોમાં પહોંચાડવામાં આવશે.

## ❖ ચિલ્ડ્રન યુનિવર્સિટી તથા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનના સંયુકત ઉપક્રમે ગાંધીનગર ખાતે 'મોદી@20ફ્રીમ્સ મીટ ડિલવરી' કાર્યક્રમ યોજાયો.

→ આ કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર અને રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યા.

→ આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના 13માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

→ 'મોદી@20ફ્રીમ્સ મીટ ડિલવરી' પુસ્તક ગુજરાતના 20 વર્ષના સુશાસનની પ્રતિતિ કરાવતું ઉત્તમ પુસ્તક છે.

**ચિલ્ડ્રન યુનિવર્સિટી વિશે...**

→ સ્થાપના – 2009

→ સ્થળ – ગાંધીનગર

## ❖ ગુજરાતમાં L & T પાંચ વર્ષમાં IT પાર્કની સ્થાપના કરશે.

→ તાજેતરમાં વિશ્વખ્યાત ઉદ્યોગ જૂથ લાર્સન એન્ડ ટુબ્રો (L & T) લિમિટેડ દ્વારા વડોદરા નજીક IT અને ITes (Information Technology Inbeald Services) ટેકનોલોજી પાર્કની સ્થાપના કરવામાં આવશે.

→ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાયન્સ ટેકનોલોજી મંત્રી જિતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં આ MoU રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને L & T વચ્ચે કરવામાં આવ્યા છે.

→ આ અગાઉ ગુજરાતમાં IT ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ અને રાજ્યમાં 1 લાખ IT નોકરીઓનું સર્જન કરવાના પ્રયાસોના ભાગરૂપે રાજ્ય સરકારે ગુજરાત IT / ITes નીતી – 2022-27 જાહેર કરી છે.

## ❖ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને વિવિધ પ્રોજેકટનું પ્રધાનમંત્રી દ્વારા વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો.




→ તાજેતરમાં વલસાડના ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ તેમજ ધરમપુરના વિવિધ પ્રોજેકટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલી કરાયું હતું.

→ પ્રધાનમંત્રીએ 250 બેડની મલ્ટી સ્પેશિયાલિટી શ્રી રામચંદ્ર ચેરિટેબલ હોસ્પિટલનું ઓનલાઈન લોકાપર્ણ કર્યું હતું. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ એનિમલ હોસ્પિટલ તેમજ સેન્ટર ઓફ એકસલ્સ ફોર વુમનનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું.

**<u>શ્રીમદ્ રાજચંદ્ર વિશે...</u>**

→ જન્મ – 11 નવેમ્બર, 1867 મૃત્યુ – 9 એપ્રિલ, 1901
→ તેમનો જન્મ મોરબી નજીકના વવાણિયા ગામમાં થયો હતો.
→ મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ હતા.
→ એક જૈન કવિ, અધ્યાત્મમૂર્તિ, તત્વસ, વિદ્વાન અને સમાજસુધારક હતા.

## ❖ ગુજરાત રાજયનો રાજયવ્યાપી 'હર ઘર તિરંગા' અભિયાનનો મુખ્યમંત્રીએ સુરતથી શુભારંભ કરાવ્યો.




→ તાજેતરમાં રાજ્યની 8 મહાનગરપાલિકાઓમાં તા. 4 થી 12 ઓગસ્ટ દરમિયાન યોજાનારી રાજ્ય વ્યાપી 'તિરંગ પદયાત્રા'નો સુરત મહાનગરપાલિકાથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો.

→ આ અભિયાન 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો એક ભાગ છે.

- **<u>હર ઘર તિરંગા અભિયાન :</u>**

→ આ અભિયાન અંતર્ગત ભારતના દરેક ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે. જેના માટે કેન્દ્ર સરકારે 20 કરોડ ઘરોનું લક્ષ્ય રાખ્યું છે.

→ આ અભિયાન અંતર્ગત 13 થી 15 ઓગસ્ટ સુધી જનભાગીદારીથી 20 કરોડથી વધારે ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે.

## ❖ વિશ્વમાં પ્રથમ વાર ગુજરાતના ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામના ખેતરોમાં ડ્રોનથી નેનો યુરિયા છંટકાવનો મુખ્યમંત્રીએ શુભારંભ કર્યો હતો.



→ તાજેતરમાં વિશ્વમાં સૌપ્રથમ વખત ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરોમાં નેનો યુરિયાના છંટકાવનો ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો.

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડ્રોનમાં નેનો યુરિયા ભરીને, ડ્રોન ઓપરેટ કરીને રાજ્ય સરકારની આ ઐતિહાસિક પહેલનો શુભારંભ કરાવ્યો હતો.

→ આ પ્રસંગે મુખ્યમંત્રીએ ડ્રોનને કૃષિ વિમાનની ઓળખ આપી હતી.

→ ડ્રોન ટેકનોલોજી દ્વારા ખેતરમાં નેનો યુરિયાના છંટકાવની 100% રાજ્ય પુરસ્કૃત યોજના છે.

→ આ યોજના હેઠળ ખેતરમાં પાક ઉપર દવાના છંટકાવ ખર્ચના 90% અથવા પ્રતિ એકર રૂપિયા 500 એમ બેમાંથી જે ઓછું હોય તેટલી સહાય મળશે.

→ આ યોજનાના લાભ માટે બે થી ત્રણ ગામના ખેડૂતો ભેગા મળી 1500 એકર જમીનનું એકમ તૈયાર કરશે તો સરકાર દ્વારા ખાતર છંટકાવ માટેની સહાય અરજી મંજૂર કરાશે.

- **<u>લિકિવડ નેનો યુરિયા વિશે :</u>**

→ નેનો યુરિયાને પારંપરિક યુરિયાના સ્થાન પર વિકસિત કર્યું છે. જે પારંપરિક યુરિયાની આવશ્યકતાને 50% સુધી ઓછું કરી શકે છે.

→ નેનો યુરિયાની 500 મિ.લી.ની એક બોટલમાં 40,000 મિ.લી. ગ્રામ/લિટર નાઈટ્રોજન હોય છે. જે સામાન્ય યુરિયાની એક બેગ બરાબર નાઈટ્રોજન પોષક તત્વ પ્રદાન કરે છે.

→ લિકિવડ નેનો યુરિયાનો વિકાસ સ્વદેશી રૂપથી નેનો બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (કલોલ, ગુજરાત) માં 'આત્મનિર્ભર ભારત અભિયાન અને આત્મનિર્ભર કૃષિ'ના અનુરૂપ વિકસિત કરવામાં આવ્યું છે.
→ તાજેતરમાં પ્રધાનમંત્રીએ ગુજરાતના કલોલ ખાતે વિશ્વનો પ્રથમ લિકિવડ નેનો યુરિયા (LNU) પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.
→ આ પ્લાન્ટ 'Indian Farmers Fertiliser Co-operative Limited - IFFCO' દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.

## ❖ તરણેતરના લોકમેળામાં 17મા 'ગ્રામીણ ઓલિમ્પિક'નું આયોજન.

→ સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા 1 સપ્ટેમ્બર થી 3 સપ્ટેમ્બર દરમિયાન 17માં ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવશે.

- **તરણેતરનો મેળો :**

→ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર ખાતે તરણેતરનો મેળો ભરાય છે.
→ આ મેળો ભાદરવા સુદ ત્રીજ, ચોથ અને પાંચમ એમ ત્રણ દિવસ ભરાય છે.
→ આ મેળામાં રંગબેરંગી છત્રી જોવાલાયક હોય છે.
→ આ મેળામાં 'ગ્રામીણ ઓલિમ્પિક'નું આયોજન કરવામાં આવે છે.

## ❖ ગુજરાતના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતેથી Td-10 અને Td-16 રસીકરણ અભિયાન કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ કર્યો.




→ આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે કોવિડ–19ની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા બે વર્ષથી શાળાઓ બંધ હોવાથી બાળકોનું Td-ધનુર અને ડિપ્થેરિયાનું રસીકરણ થઈ શકયું ન હતું.
→ આ રસીકરણની ઝુંબેશના પ્રથમ તબક્કા દરમિયાન ઓગસ્ટ–સપ્ટેમ્બર 2022માં રાજ્યની શાળાઓમાં ધોરણ 5 થી ધોરણ 10 ના તમામ બાળકોને T.d. (ધનુર અને ડિપ્થેરિયા)ની રસી આપવામાં આવશે.
→ આ રસીકરણ અભિયાન દ્વારા રાજ્યની અંદાજે 26 લાખ જેટલી સગર્ભા માતાઓ–બાળકો, અંદાજે 50 હજાર શાળાઓના લાખો વિદ્યાર્થીઓને વિવિધ 12 જેટલા ઘાતક રોગોથી આજીવન સુરક્ષિત કરાશે.

## ❖ ગુજરાત રાજ્યની ગુજકોસ્ટ (GUJCOST)ને દેશના 28 'રજિસ્ટર્ડ સ્પેસ ટયુટર'માં સ્થાન પ્રાપ્ત થયું છે.

→ ISRO દ્વારા તાજેતરમાં ગુજકોસ્ટને સ્પેસ ટયુટર તરીકે માન્યતા આપવામાં આવી છે.
→ આ સાથે રાજયના સાયન્સ અને ટેકનોલોજી વિભાગે નવી સિદ્ધિ હાંસલ કરી છે.
→ હવે ગુજકોસ્ટ પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો, સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રોના માધ્યમથી અવકાશ જાગૃતિના કાર્યક્રમો અંગેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી શકશે અને વિદ્યાર્થી–શિક્ષકો અને નાગરિકો અવકાશ ટેકનોલોજીમાં રૂચિ કેળવે તેવા પ્રયાસો કરશે.

- **GUJCOST વિશે :**

→ ગુજકોસ્ટનું પૂરું નામ Gujarat Council on Science and Technology છે.
→ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 1986માં ગુજકોસ્ટની સ્થાપના કરવામાં આવી હતી.
→ વર્ષ 2000થી આ સંસ્થા રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત કાર્ય કરે છે.

**ISRO (Indian Space Research Organisation) વિશે...**
→ સ્થાપના – 15 ઓગસ્ટ, 1969
→ વડુમથક – બેંગ્લોર, કર્ણાટક
→ અધ્યક્ષ – શ્રીધરા પાનીકર સોમનાથ

- **સ્પેસ ટયુટર કાર્યક્રમ :**

→ ISRO દ્વારા સ્પેસ ટયુટર નામનો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.
→ જે અંતર્ગત દેશમાં વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી વિશેના અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
→ આ કાર્યક્રમ અંતર્ગત દેશમાં કુલ 28 સ્પેસ ટયુટર નોંધાયા છે.

❖ **ગુજરાતમાં 9 ઓગસ્ટના રોજ ‘વિશ્વ આદિવાસી દિવસ’ની રાજ્યકક્ષાની ઉજવણી દાહોદના ઝાલોદ ખાતે કરવામાં આવી હતી.**

→ દાહોદના ઝાલોદ ખાતેથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ આદિવાસી દિવસની રાજ્યવ્યાપી ઉજવણીનો આરંભ કરાવ્યો હતો.

→ આ પ્રસંગે મુખ્યમંત્રીએ આદિજાતિ વિસ્તારો માટે રૂા. 1600 કરોડના 5690 જેટલા વિકાસના કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂર્હુત કર્યું હતું.

→ આ સાથે જ તેમણે જણાવ્યું કે ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને દેશવિદેશના પ્રવાસીઓ માટે રૂ. 130 કરોડના ખર્ચે ‘નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ’ બનાવવામાં આવી રહ્યું છે.





## રિપોર્ટ અને ઈન્ડેક્સ

### ❖ ભારતીય હવામાન વિભાગ દ્વારા એરિડિટિ અનોમલી આઉટલુક ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો.



→ તાજેતરમાં ભારતીય હવામાન વિભાગ (Indian Metrological Department) દ્વારા જુલાઈ 2022નો એરિડિટિ અનોમલી આઉટલુક (Aridity Anomaly Outlook) ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ભારતના 85% જિલ્લાઓ શુષ્ક (Aridity) પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

- **<u>ઈન્ડેક્સના મુખ્ય મુદ્દાઓ :</u>**

→ આ ઈન્ડેક્સ મુજબ 756 જિલ્લાઓમાંથી માત્ર 63 જિલ્લાઓ બિન શુષ્ક (Non-Arid) છે, જ્યારે 660 જિલ્લાઓ હળવા, મધ્યમ અને ગંભીર શુષ્કતાના વિવિધ ડિગ્રીનો સામનો કરી રહ્યા છે.

→ આ ઈન્ડેક્સ મુજબ 196 જિલ્લાઓ શુષ્કતાના ગંભીર તાપમાનનો સામનો કરી રહ્યા છે જેમાંથી 65 જિલ્લાઓ (સૌથી વધુ) ઉત્તરપ્રદેશમાં છે. કારણકે, ઉત્તરપ્રદેશમાં ચોમાસાની શરૂઆતમાં વિલંબ (25 જુલાઈ) થાય છે જેથી ત્યાં સૌથી વધુ (54%) વરસાદની ખાદ્ય (કમી) નોંધાઈ છે.

→ આ ઈન્ડેક્સ મુજબ બિહારમાં 45% ઉચ્ચ વરસાદની ઉણપ છે, જેથી તેના 33 જિલ્લાઓ શુષ્ક પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે, જેના લીધે બિહાર, ઉત્તરપ્રદેશ પછી સૌથી વધુ શુષ્ક પરિસ્થિતિનો સામનો કરનાર બીજું રાજ્ય છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ઝારખંડ, હરિયાણા, મધ્યપ્રદેશ, દિલ્હી, તેલંગાણા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, કર્ણાટક અને તમિલનાડુના જિલ્લાઓ ગંભીર શુષ્ક પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.

→ આ ઈન્ડેક્સ મુજબ શુષ્ક પરિસ્થિતિઓ હાલના ખરીફ પાકની વાવણીને અસર કરે છે, કારણ કે 22 જુલાઈ, 2022 સુધીમાં વિવિધ ખરીફ પાકો હેઠળ વાવેતર થયેલ વિસ્તાર વર્ષ 2021ના સરખામણીમાં 13.26 મિલિયન હેકટર ઓછો છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (IIT-G) દ્વારા સંચાલિત રીઅલ ટાઈમ ડ્રોટ મોનિટરિંગ (Realtime Drought Monitoring) અને ડ્રોટ અર્લી વાર્નિંગ સિસ્ટમ (Drought Eany Waring System) અનુસાર દુષ્કાળ હેઠળના વિસ્તારમાં એક અઠવાડિયા પહેલાની સરખામણીમાં નજીવો વધારો થયો છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ભારતનો 13.59 ટકા વિસ્તાર દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યો છે જેમાંથી 4.65 ટકા વિસ્તારને ગંભીર રીતે શુષ્ક વિસ્તાર તરીકે નોંધવામાં આવ્યો છે, આ વિસ્તારોમાં ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીર રાજ્યોનો સમાવેશ થાય છે.

**<u>IMD વિશે...</u>**

→ સ્થાપના – વર્ષ 1875

→ મંત્રાલય – પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય

→ વડુમથક – નવી દિલ્હી

→ IMD હવામાનશાસ્ત્રીય અવલોકનો, હવામાનની આગાહી અને સિસ્મોલોજી માટે જવાબદાર મુખ્ય એજન્સી છે.

### ❖ RBI દ્વારા ફાયનાન્સિયલ ઈન્કલ્યુઝન ઈન્ડેક્સ (FI – Index) જાહેર કરવામાં આવ્યો.




→ તાજેતરમાં ભારતની મધ્યસ્થ બેન્ક (Reserve Bank of India) દ્વારા 31મી માર્ચ, 2022 ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે સંયુકત 'નાણાકીય સમાવેશ સૂચકાંક' (FI – Index) બહાર પાડવામાં આવ્યો છે અને આ ઈન્ડેક્સ દર વર્ષે જુલાઈમાં પ્રકાશિત થાય છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ભારતનો નાણાકીય સમાવેશ સૂચકાંક (Financial Inclusion Index) પાછલા વર્ષના સૂચકાંક 53.9 થી વધીને 56.4 થયો છે અને તેના તમામ પેટા સૂચકાંકોમાં વૃદ્ધિ જોવા મળી છે.

→ એપ્રિલ 2021માં RBI એ જાહેરાત કરી હતી કે નાણાકીય સમાવેશોને માપવા માટે ઈન્ડેક્સ બહાર પાડશે.

→ RBI એ બેન્કિંગ, રોકાણ, વીમો, પોસ્ટલ તેમજ પેન્શન ક્ષેત્રની વિગતોનો સમાવેશ કરીને સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશની મર્યાદાને પહોંચી વળવા માટે સંયુકત નાણાકીય સમાવેશ સૂચકાંક વિકસાવ્યો છે.

→ આ ઈન્ડેક્સમાં પ્રવેશ, વપરાશ અને ગુણવત્તા સહિત ત્રણ માપદંડોનો સમાવેશ થાય છે.

→ આ ઈન્ડેક્સ સેવાઓની એક્સેસ, ઉપલબ્ધતા અને વપરાશ તથા સેવાઓની ગુણવત્તામાં સરળતા માટે જવાબદાર છે, જેમાં 97 સૂચકાંકોનો સમાવેશ થાય છે.

→ આ ઈન્ડેક્સ મુજબ ગુણવત્તાના માપદંડોમાં નાણાકીય સાક્ષરતા, ગ્રાહક સુરક્ષા અને સેવાઓમાં ખામીઓ જેવા પાસાઓનો સમાવેશ થાય છે.

→ આ ઈન્ડેક્સનું નિર્માણ કોઈપણ આધાર વર્ષ વિના કરવામાં આવ્યું છે.

- **નાણાકીય સમાવેશ વિશે :**

→ નાણાકીય સમાવેશ (Financial Inclusion) એ સમાજના નબળા અને ઓછી આવક ધરાવતા વર્ગોને પોસાય તેવા ખર્ચે નાણાકીય સેવાઓને સમયસર અને પર્યાપ્ત ધિરાણની એક્સેસને સુનિશ્ચિત કરવાની પ્રક્રિયા છે.

→ ભારત જેવા વૈવિધ્ય સભર દેશમાં નાણાંકીય સમાવેશ એ વિકાસ પ્રક્રિયાનો એક ભાગ છે.

→ નાણાકીય સમાવેશ માં બેન્કિંગ, લોન, ઈક્વિટી અને વીમા ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

→ નાણાકીય સમાવેશનો ખ્યાલ ભારતમાં RBI દ્વારા વર્ષ 2005માં પ્રથમ વખત રજૂ કરવામાં આવ્યો હતો.

**RBI વિશે...**

→ સ્થાપના : 1 એપ્રિલ, 1935 (કોલકાતા)

→ વડુમથક : મુંબઈ

→ પ્રકાર : દેશની મધ્યસ્થ બેંક

→ ગવર્નર : શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી

## આંતરરાષ્ટ્રીય

### ❖ યુનાઈટેડ નેશન્સ દ્વારા વિસ્થાપિત બાળકો (Displaced Children) માટેની માર્ગદર્શિકા જાહેર કરાઈ.



→ તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ (સંયુકત રાષ્ટ્રસંઘ) દ્વારા આબોહવા પરિવર્તનને કારણે વિસ્થાપિત (Displaced) બાળકોને સુરક્ષા આપવા માટે પ્રથમ વૈશ્વિક નીતિ માળખું પ્રદાન કરવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

→ આ માર્ગદર્શિકાઓ ઈન્ટરનેશન ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન, યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (UNICEF), જ્યોર્જ ટાઉન યુનિવર્સિટી અને સંયુકત રાષ્ટ્ર યુનિવર્સિટીની સંયુકત પહેલ છે.

→ આ માર્ગદર્શિકાઓ આંતરિક તેમજ ક્રોસ બોર્ડર સ્થળાંતર બંનેને આવરી લેશે.

→ આ માર્ગદર્શિકાઓમાં 9 સિદ્ધાંતોનો સમાવેશ થાય છે જેમાં પોતાના દેશથી વિસ્થાપિત થયા છે તેવા બાળકોની નબળાઈઓને દર્શાવે છે.

→ આ માર્ગદર્શિકા અનુસાર લગભગ 10 મિલિયન બાળકો વર્ષ 2020માં આબોહવા પરિવર્તનને કારણે વિસ્થાપિત થયા છે.

→ આ માર્ગદર્શિકા મુજબ વધુમાં 2.2 બિલિયન બાળકોમાંથી લગભગ અડધા (એક બિલિયન) છોકરાઓ અને છોકરીઓ 33 દેશોમાં આબોહવા પરિવર્તનની અસરના ઉચ્ચ જોખમમાં રહે છે.

**United Nations વિશે...**

→ સ્થાપના – 24 ઓકટોબર, 1945 સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા (યુનાઈટેડ સ્ટેટ્સ)

→ સભ્ય દેશો – 193 દેશો

→ વડુમથક – ન્યૂયોર્ક (યુ.એસ.)

→ અધ્યક્ષ – એન્ટોનિયો ગુટેરેસ (Antonio Guterres)

→ સંસ્થાનો પ્રકાર – આંતર સરકારી

Banking Academy

## ❖ ભારત અને ઉઝબેકિસ્તાનના આંતર સરકારી આયોગ (Inter Govermental Commission)ના 13મા સત્રનો નવી દિલ્હી ખાતે આયોજન.



→ તાજેતરમાં ભારત અને ઉઝબેકિસ્તાનના આંતર સરકારી આયોગની (IGC) 13મી સેશન નવી દિલ્હી ખાતે યોજાઈ જેમાં ભારત સરકારના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલે હાજરી આપી હતી.

→ આ સેશનમાં બંને દેશો રાજદ્વારી સંબંધોના 30મા વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

→ IGCની બેઠકમાં ભારત સરકારના મંત્રી પિયૂષ ગોયલે જણાવ્યું કે ટેકનોલોજી, ડિજિટલ પેમેન્ટ સોલ્યુશનસ અને સ્ટાર્ટ અપ્સમાં રોકાણ જેવા નવા ક્ષેત્રોમાં સંબંધોને આગળ લઈ જવાની જરૂર છે.

→ આ સેશનમાં પ્રાદેશિક જોડાણ અને સહકાર માટે સંકલિત અભિગમ (Approach)ની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

→ આ સેશનમાં પિયૂષ ગોયલે જણાવ્યું કે ડિજિટલ પેમેન્ટ્સ, સ્પેસ કો–ઓપરેશન, એગ્ર એન્ડ ડેરી, ફાર્મા, જેમ્સ એન્ડ જવેલરી, MSME અને આંતર–પ્રાદેશિક સહકાર જેવા બંને દેશો વચ્ચે સહકારના સાત ઉભરતા ક્ષેત્રો છે.

- **ભારત અને ઉઝબેકિસ્તાનના સંબંધો વિશે :**

→ આ બંને દેશો વચ્ચે સહયોગનો લાંબો ઈતિહાસ છે જેના પરિણામે ઉઝબેકિસ્તાનની આઝાદી બાદ ભારત તેની સાર્વભૌમત્વને સ્વીકારનાર પ્રથમ દેશોમાંનો એક દેશ હતો.

→ આ બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોમાં વર્તમાનમાં રાજકીય અને વ્યૂહાત્મક મુદ્દાઓ, સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને રોકાણ, ઊર્જા, કૃષિ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને શિક્ષણ વગેરેનો સમાવેશ થાય છે.

**ઉઝબેકિસ્તાન વિશે...**

→ ઉઝબેકિસ્તાન મધ્ય એશિયામાં એક લેન્ડ લોક દેશ છે તેની ઉત્તરે કઝાકિસ્તાન, ઉત્તરપૂર્વમાં કિર્ગિસ્તાન, દક્ષિણ પૂર્વ તાજિકિસ્તાન, દક્ષિણમાં અફઘાનિસ્તાન અને દક્ષિણ પશ્ચિમમાં તુર્કમેન્સ્તિાન છે.

→ ઉઝબેકિસ્તાન માત્ર લેન્ડ લોક દેશ નથી, તે ડબલ લેન્ડ લોક દેશ છે કારણકે તેની આસપાસના તમામ દેશો પણ લેન્ડલોક છે.

→ રાજધાની – તાશકંદ

→ ચલણ – ઉઝબેકિસ્તાની સોમ (So'm)

→ રાષ્ટ્રપતિ – શવકત મિર્ઝીયોયેવ

→ સત્તાવાર ભાષા – ઉઝ્બેક

→ સંસદ – ઓલી મજલિસ

→ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે આયોજિત પ્રથમવાર સંયુકત સૈન્ય કવાયત ડસ્ટલિક (Dastlik) છે જે નવેમ્બર 2021માં યોજાઈ હતી.

→ બંને દેશો વચ્ચે વેપાર વર્ષ 2019–20માં USD 247 મિલિયન થયો હતો જે વધીને વર્ષ 2021-22માં USD 342 બિલિયન થઈ ગયો છે આ વેપારમાં 58.5% વૃદ્ધિ થઈ છે.

→ ઉઝબેકિસ્તાનમાં ભારતીય કંપનીઓ દ્વારા ભારતીય રોકાણોમાં ફાર્માસ્યુટિકલ, એમ્યુઝમેન્ટ પાર્ક, ઓટોમોબાઈલ ઘટકો અને હોસ્પિટાલિટી ઉદ્યોગોને સમાવેશ થાય છે.

→ ઉઝબેકિસ્તાન સરકારે ભારતીય પ્રવાસીઓ માટે E-Visa સુવિધાનો વિસ્તાર કર્યો છે.

## ❖ ભારત અને મોરેસિયસની ઉચ્ચ અધિકારી પ્રાપ્ત સંયુકત વેપાર સમિતિના પ્રથમ સત્રનું આયોજન.



→ તાજેતરમાં ભારત અને મોરેસિયસ દ્વારા ઉચ્ચઅધિકારી પ્રાપ્ત સંયુકત વ્યાપાર સમિતિ (India – Mauritius Joint High Powered Trade Committee)નું પ્રથમ સત્ર નવી દિલ્હી ખાતે યોજવામાં આવ્યું હતું.

→ ભારત અને મોરેસિયસ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ પાર્ટનરશિપ એગ્રીમેન્ટના આદેશ અનુસાર ઉચ્ચ સત્તા ધરાવતી વેપાર સમિતિની રચના 1લી એપ્રિલ, 2021ના રોજ કરવામાં આવી હતી જેનું કાર્ય બન્ને દેશો વચ્ચે CECPAની સામાન્ય કામગીરી અને અમલીકરણની સમીક્ષા કરવાનું છે.

→ આ સત્રમાં જણાવ્યા મુજબ બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2019-20 માં USD 690.02 મિલિયન હતો, જે વર્ષ 2021-22 માં વધીને USD 786.72 મિલિયન થયો છે.

→ આ સત્રમાં બંને પક્ષોએ CECPA માં જનરલ ઈકોનોમિક કોઓપરેશન ચેપ્ટર (GEC) અને ઓટોમેટિક ટ્રિગર સેફગાર્ડ મિકેનિઝમ (ATSM)નો સમાવેશ કરવા માટે સંમત થયા છે.

⇒ General Economic Co-Operation Chapter (GEC)એ નિકાસ સ્પર્ધાત્મકતામાં વધારો અને રોકાણો, નાણાંકીય સેવાઓ, કાપડ, નાના અને મધ્યમ ઉદ્યોગો, હસ્તકલા, જેમ્સ અને જવેલરી, માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી, ફિલ્મ નિર્માણના ક્ષેત્રોમાં સહયોગ માટે હાલના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવા સક્ષમ બનાવશે.

⇒ Automatic Trigger Safeguard Mechanism (ATSM)એ ભારત અને મોરેશિયસ વચ્ચેની આયાતમાં કોઈ ઘટના અથવા સંજોગોના લીધે અચાનક વધારાને નિયંત્રિત કરે છે.

→ CECPAએ આફ્રિકાના કોઈપણ દેશ સાથે ભારત દ્વારા હસ્તાક્ષર કરાયેલ પ્રથમ વેપાર કરાર છે.

- **<u>CECPA (Comprehensive Economic Co-operation and Partnership Agreement) વિશે :</u>**

→ CECPA એ એક પ્રકારનો મુક્ત વેપાર કરાર (Free Trade Agreement) છે. જેનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વેપારને પ્રોત્સાહિત કરવા અને સુધારવા માટે સંસ્થાકીય મિકેનીઝમ પ્રદાન કરવાનો છે.

**<u>મોરેશિયસ (Mauritius) વિશે...</u>**

→ મોરેશિયસ એ પૂર્વ આફ્રિકા દેશ છે જે એક ટાપુ રાષ્ટ્ર છે.
→ રાજધાની – પોર્ટ લુઈસ
→ ચલણ – મોરેશિયન રૂપિયા
→ રાષ્ટ્રપતિ – પૃથ્વીરાજસિંહ રૂપન
→ સંસદ – મોરેશિયસ નેશન એસેમ્બલી

## યોજના, પોર્ટલ, એપ્લિકેશન

### ❖ નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટમાં કેન્દ્રીય મંત્રાલયના પોર્ટલમાં ગૃહ મંત્રાલય પ્રથમ સ્થાને.




→ તાજેતરમાં ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સ (DARPG) દ્વારા હાથ ધરવામાં આવેલા નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટ (NeSDA)માં ભારત સરકારના કેન્દ્રીય મંત્રાલયના પોર્ટલ હેઠળ ગૃહ મંત્રાલયને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

→ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (NCRB)નું ડિજિટલ પોલીસ પોર્ટલને કેન્દ્રીય મંત્રાલય સેવાઓ પોર્ટલ હેઠળ મૂલ્યાંકનમાં બીજા ક્રમ પર મૂકવામાં આવ્યું છે.

→ આ એસેસમેન્ટમાં MHA (મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ) નેશન ક્રાઈમ રેકોર્ડસ બ્યૂરોના ડિજિટલ પોર્ટલ (http://digitalpolic.gov.in)ને સેવાઓ પોર્ટલ હેઠળ મૂલ્યાંકન માટે શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યું છે અને ગૃહમંત્રાલયની મુખ્ય વેબસાઈટ (http://Mha.gov.in)ને મૂલ્યાંકન માટે પેરેન્ટ મિનિસ્ટ્રી પોર્ટલ તરીકે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યું છે.

→ આ મૂલ્યાંકન કરાયેલા તમામ સરકારી પોર્ટલને બે મુખ્ય શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યા છે. જેમકે (i) રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલય પોર્ટલ, (ii) રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલય સેવા પોર્ટલ.

→ આ મૂલ્યાંકનના ચાર મુખ્ય માપદંડો જેમકે ઉપલબ્ધતા, સામગ્રી ઉપલબ્ધતા, ઉપયોગમાં સરળતા અને માહિતી સુરક્ષા, કેન્દ્રીય અને મંત્રાલયના પોર્ટલ માટે ગોપનીયતા વગેરે છે.

→ આ મૂલ્યાંકનમાં સેન્ટ્રલ મિનિસ્ટ્રી સર્વિસ પોર્ટલ માટે વધારાના ત્રણ માપદંડોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં એન્ડ સર્વિસ ડિલિવરી (End Service Delivery), ઈન્ટિગ્રેટેડ સર્વિર્સ ડિલિવરી (Integrated Service Delivery) અને સ્ટેટસ એન્ડ રિક્વેસ્ટ ટ્રેકિંગ (Status and Request Traking) છે.

- **<u>NeSDA 2021 નું મૂલ્યાંકન :</u>**

→ આ મૂલ્યાંકનમાં રાજ્યો / કેન્દ્રશાસિત પોર્ટલની કેટેગરીમાં જૂથ–A રાજ્યોમાં કેરળ પ્રથમ સ્થાને છે ત્યારબાદ તમિલનાડુ અને પંજાબ છે.

→ ગ્રુપ–B ના રાજ્યોમાં ઓડિશા ટોચ પર છે ત્યારબાદ ઉત્તરપ્રદેશ અને બિહાર છે.

→ ઉત્તર પૂર્વના (NE) રાજ્યોમાં નાગાલેન્ડ, મેઘાલય અને આસામ ટોચ પર છે.

→ કેન્દ્રશાસિત પ્રદેશમાં જમ્મુ–કાશ્મીર ટોચ પર છે ત્યારબાદ આંદામાન–નિકોબાર, દિલ્હી અને ચંદીગઢ છે.

- **<u>NeSDA વિશે :</u>**

→ NeSDA એ એક સામાયિક મૂલ્યાંકન છે, જેનો હેતુ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકારની નાગરિકોને તેમની ઓનલાઈન સેવાઓ પહોંચાડવામાં અસરકારકતામાં સુધારો કરવાનો છે.

Banking Academy

→ આ મૂલ્યાંકન કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવે છે.

→ આ મૂલ્યાંકન ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મર્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સ (DARPG) દ્વારા વર્ષ 2021માં તેના ભાગીદારો (NASSCOM – National Association of Software & Service Companies) અને (KPMG – Klynveld Peat Marwick GoERDELER) સાથે મળીને નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટ (NeSDA) હાથ ધરવામાં આવ્યું છે.

## ❖ MSME મંત્રાલયના 'ઉદ્યમ પોર્ટલ' પર 1 કરોડ MSME નું રજિસ્ટ્રેશન થયું.

→ તાજેતરમાં કેન્દ્રીય મંત્રાલયના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગે (MSME) તેના ઉદ્યમ પોર્ટલ પર 1 કરોડ MSMEનું રજિસ્ટ્રેશનની ઐતિહાસિક ઉજવણી કરી.

→ આ પોર્ટલ પર 1 કરોડ રજિસ્ટ્રેશન 25 મહિનાના સમયગાળામાં થયું છે.

→ આ પોર્ટલ 7.6 કરોડ લોકોને રોજગારી આપે છે જેમાં 1.7 કરોડ મહિલાઓ છે.




**<u>ઉદ્યમ પોર્ટલ વિશે...</u>**
→ શરૂઆત – 1 જુલાઈ, 2020 (કેન્દ્રીય MSME મંત્રાલય દ્વારા)
→ સિસ્ટમ – MSMEની નોંધણી માટે ઓનલાઈન સિસ્ટમ છે.
→ મંત્રાલય – કેન્દ્રીય MSME મંત્રાલય (મંત્રી : નારાયણ રાણે)

## ❖ નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશન અંતર્ગત ઈન્ક્યુબેશન સેન્ટરો સ્થાપવા માટેની અરજી મંગાવવાની શરૂઆત.

→ તાજેતરમાં નીતિ આયોગ (Niti Ayog) દ્વારા તેના બે અગ્રણી કાર્યક્રમો અટલ ઈન્ક્યુબેશન સેન્ટર (AIC) અને અટલ કોમ્યુનિટી ઈનોવેશન સેન્ટર (ACIC) માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

→ નીતિ આયોગ મુજબ બંને કાર્યક્રમો વૈશ્વિક સ્તરે સંસ્થાઓની સ્થાપના કરીને દેશમાં ઈનોવેશન ઈકોસિસ્ટમ બનાવવા અને તેને ટેકો આપવામાં મદદ કરશે અને દેશના ઉભરતા સાહસિકોને જરૂરી પ્લેટફોર્મ મળી રહશે.

- **<u>અટલ ઈન્ક્યુબેશન સેન્ટર :</u>**

→ અટલ ઈન્ક્યુબેશન સેન્ટર (AIC) એ અટલ ઈનોવેશન મિશનની પહેલ છે, જે ભારતમાં સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગ સાહસિકો માટે સહાયક ઈકોસિસ્ટમ બનાવીને નવનીનતા (Innovation) તથા ઉદ્યોગ સાહસિક ભાવનાને પ્રોત્સાહન આપે છે.

→ Niti Ayog દ્વારા દરેક AIC ને 5 વર્ષના સમયગાળા માટે રૂ. 10 કરોડ સુધીની ગ્રાન્ટ સાથે સપોર્ટ કરવામાં આવે છે, વર્ષ 2016 થી અટલ ઈનોવેશન મિશન (AIM) અંતર્ગત 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 68 અટલ ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જેનાથી 2700 થી વધુ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળ્યું છે.

**<u>NITI Ayog (National Institution for Transforming India) વિશે...</u>**
→ રચના : 1લી જાન્યુઆરી, 2015
→ વડુમથક : નવી દિલ્હી
→ અધ્યક્ષ : નરેન્દ્ર મોદી
→ ઉપાધ્યક્ષ : સુમન બેરી
→ CEO : પરમેશ્વરન અયર

- **<u>અટલ કોમ્યુનિટી ઈનોવેશન સેન્ટર :</u>**

→ વર્ષ 2021 માં વિવેકાનંદ ગ્લોબલ યુનિવર્સિટી (જયપુર) ખાતે શરૂઆત કરવામાં આવી હતી.

→ અટલ કોમ્યુનિટી ઈનોવેશન સેન્ટર (ACIC)એ સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન ઈકોસિસ્ટમના સંદર્ભમાં ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે સક્ષમ માળખાકીય સુવિધાઓ અને ઈનોવેશન માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે છે.

→ નીતિ આયોગ દ્વારા દરેક ACIC ને 5 વર્ષના સમયગાળામાં રૂ. 2.5 કરોડ સુધીની ગ્રાન્ટ સાથે સપોર્ટ કરવામાં આવે છે.

→ અટલ ઈનોવેશન મિશન અંતર્ગત દેશમાં અત્યારસુધી 14 અટલ કોમ્યુનિટી ઈનોવેશન સેન્ટરની સ્થાપના કરી છે.

- **<u>અટલ ઈનોવેશન મિશન :</u>**

→ અટલ ઈનોવેશન મિશનની શરૂઆત વર્ષ 2016માં થઈ હતી.

→ દેશમાં નવીનતા અને ઉદ્યોગ સાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની મુખ્ય પહેલ છે.

→ NITI Ayog હેઠળ અટલ ઈનોવેશન મિશનની સ્થાપના કરવામાં આવી છે. જેથી તે નીતિ આયોગનું મુખ્ય પહેલ છે.

## ❖ સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0ના અમલીકરણ માટે માર્ગદર્શિકા જાહેર.

→ તાજેતરમાં ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0ના અમલીકરણ અંગે ઓપરેશનલ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

→ આ યોજનાને 15માં નાણાપંચના સમયગાળા વર્ષ 2021-22 થી 2025-26 દરમિયાન અમલીકરણ માટે ભારત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.




- **માર્ગદર્શિકાઓ :**

→ આ યોજનાનો લાભ મેળવવા માટે તમામ લાભાર્થીઓએ આધાર ઓળખ સાથે નજીકના આંગનવાડી કેન્દ્રમાં નોંધણી કરાવવી પડશે.

→ આ યોજનાના લાભાર્થીઓ 14 થી 18 વર્ષની વયજૂથની કિશોરીઓ રહેશે, જેમની ઓળખ રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવશે.

→ આયુષ મંત્રાલય યોજનાના અમલીકરણ માટે ટેકનિકલ સમર્થન આપશે.

→ આ માર્ગદર્શિકા મુજબ બાળકોમા 100% પોષણના માપન માટે પ્રયત્ન કરવામાં આવશે.

→ આ યોજના ગોળ, ફોર્ટિફિકેશન સાથે સ્વદેશી છોડ જેમકે ડ્રમસ્ટિક (સરગવાની સીંગ) અને ખોરાકના નાના જથ્થામાં વધુ ઊર્જાનો વપરાશ પૂરું પાડે છે તેનો ઉપયોગને પ્રોત્સાહન આપે છે.

- **સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0 વિશે :**

→ નાણાકીય વર્ષ 2021-22માં ભારત સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS), POSHAN (Prime Minister's Overeaching Scheme for Holistic Nourishment) અભિયાન અને સક્ષમ આંગનવાડીને POSHAN 2.0માં પુનર્ગઠન કરવામાં આવ્યું છે.

→ 2 લાખ આંગનવાડીઓને સક્ષમ આંગનવાડી તરીકે વિકસાવવામાં આવશે.

→ પોષણના માપદંડોમાં સુધારો કરવામાં આવશે.

→ ટેક હોમ રાશનની ગુણવત્તા અને ચકાસણી કરી તેમાં સુધારો કરવામાં આવશે.

**ICDS વિશે...**

→ શરૂઆત – વર્ષ 1975 (Center Sponsored Scheme)

→ મંત્રાલય – મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

→ લાભાર્થીઓ – 0 થી 6 વર્ષની વયજૂથના બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી મહિલાઓ

→ પૂરું નામ – Integrated Child Development Services

## ❖ નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) દ્વારા આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે 52 આરોગ્ય સેવા એપ્લિકેશનોનું એકીકરણ કરવામાં આવશે.

→ તાજેતરમાં નેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા તેની મુખ્ય યોજના આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) 52 ડિજિટલ હેલ્થ એપ્લિકેશનોનું સફળ સંકલન (એકીકરણ) સાથે ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમના વિસ્તરણની જાહેરાત કરવામાં આવી છે.




→ આ 52 એપ્લિકેશનમાં 20 એપ્લિકેશન સરકારી અને 32 એપ્લિકેશન ખાનગી ક્ષેત્રની છે.

→ NHAએ છેલ્લા બે મહિનામાં વધારાની 12 આરોગ્ય સેવા એપ્લિકેશન આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે એકીકરણ પૂર્ણ કર્યું છે.

**આયુષ્માન ભારત ડિજિટલ મિશન વિશે...**

→ શરૂઆત – સપ્ટેમ્બર 2021 (વડાપ્રધાને વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા લોન્ચ કર્યું હતું.)

→ મંત્રાલય – આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

→ પૂરું નામ – આયુષ્માન ભારત ડિજિટલ મિશન

→ અમલીકરણ એજન્સી – નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)

Banking Academy

કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં વહેલી શરૂઆત એટલે જ સફળતા ... !!!

Dy. કલેક્ટર, Dy. SP, TDO, મામલતદાર તેમજ PI જેવા
પ્રતિષ્ઠિત અધિકારી બનવાનું સ્વપ્ન સાકાર કરવા
માટે દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ વખત...

**650 - 725**
કલાકનો
**CLASSROOM TEACHING PLAN**

2022 માં જાહેર થનાર

# GPSC - I/II

Prelim + Main + Interviewની સંપૂર્ણ તૈયારી

તેમજ

નાયબ મામલતદાર | ચીફ ઓફિસર |
Dy. SO. | રાજ્ય વેરા નિરીક્ષક

**નવા વર્ગો ટૂંક સમય માં શરૂ**

**OFFLINE CLASSES**

We are Now **OPEN**
For Inquiry & **Admission**

Any Graduate તેમજ છેલ્લા સેમેસ્ટર / વર્ષના ઉમેદવારો પણ પરીક્ષા આપી શકે છે.

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

**SURAT - HO** (ઉધના) (SOSYO CIRCLE)
Shree Arc, Opp. Shanidev Temple,
Sosyo Circle, Udhna-Magdalla Road,
Surat. Contact : **70466 33255.**

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

### ❖ વૈજ્ઞાનિકોએ વિશ્વના સૌથી ટકાઉ હાઈડ્રોજન ફ્યુઅલ સેલનું નિર્માણ કર્યું.


→ હોંગકોંગ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (HKUST)ના વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી ટકાઉ આ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ વિકસાવ્યો છે.

→ જો કે, આ હાઈડ્રોજન ઈંધણ વધુ ખર્ચાળ છે છતા કાર્બન–તટસ્થ વિશ્વને અનુસરવામાં ગ્રીન એનર્જીના વ્યાપક ઉપયોગ માટે માર્ગ બનાવે છે.

→ આ સેલ હાઈડ્રોજન અને ઓકિસજનને વીજળીમાં રૂપાંતરિત કરીને કાર્યક્ષમ રીતે વીજળી ઉત્પન્ન કરે છે.

→ આ પ્રક્રિયામાં ઝીરો કાર્બન ડાયોકસાઈડ, રજકણ અને અન્ય વાયુ પ્રદૂષકો ઉત્સર્જિત થાય છે.

→ આ ઉપરાંત ઘણા પર્યાવરણીય લાભો હોવા છતાં, હાઈડ્રોજન ઈંધણ કોષોનો હજુ સુધી વ્યાપક પણે વિકાસ થયો નથી. આનું કારણ એ છે કે, હાઈડ્રોજન ફ્યુઅલ સેલની પાવર ઉત્પાદન ક્ષમતા ઈલેક્ટ્રોકેટાલિસ્ટ પર આધારિત છે. ઈલેક્ટ્રોકેટાલિસ્ટ્સમાં ખૂબ જ ખર્ચાળ અને દુર્લભ મેટલ પ્લેટિનમનો ઉપયોગ થાય છે.



HYDROGEN FUEL CELL

→ આમ, સંશોધકોએ આયર્ન, નાઈટ્રોજન અથવા કાર્બન જેવી વધુ સામાન્ય અને સસ્તી સામગ્રી સાથે પ્લેટિનમનો વિકલ્પ વિકસાવવાનો પ્રયાસ કર્યો છે.

### ❖ ભારતમાં ઓકટોબરથી 5G સેવાઓ શરૂ થશે.

→ કેન્દ્રીય ટેલિકોમ પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે 5G સ્પેક્ટ્રમની હરાજી સરકારને રૂ. 1.5 લાખ કરોડથી વધુની કુલ બિડ સાથે પૂર્ણ થઈ છે. છેલ્લા સાત દિવસમાં બોલીના 40 રાઉન્ડ દ્વારા હરાજી થઈ હતી. મંત્રીએ કહ્યું કે સરકાર દ્વારા પ્રાપ્ત કુલ બિડની રકમ રૂ. 1,50,173 કરોડ છે. સ્પેક્ટ્રમની ફાળવણી 10 ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, વૈષ્ણવે જણાવ્યું હતું કે, ખરીદેલ સ્પેક્ટ્રમનો જથ્થો સમગ્ર દેશને 5G સાથે આવરી લેવા માટે પૂરતો છે.




- <u>**ભારતમાં 5G :**</u>

→ ભારતમાં ઓકટોબરમાં 5G સેવાઓ શરૂ થશે. શરૂઆતમાં, આ સેવાઓ દિલ્હી, મુંબઈ, પૂણે, બેંગ્લોર અને જામનગર જેવા શહેરોમાં વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ થશે. રિલાયન્સ જિયો, ભારતી એરટેલ, વોડાફોન આઈડિયા લિમિટેડ અને અદાણી ડેટા નેટવકર્સે આ બિડમાં ભાગ લીધો છે.

- <u>**5G સ્પેક્ટ્રમનું મહત્વ :**</u>

→ પાંચમી પેઢી અથવા 5G સ્પેક્ટ્રમ અલ્ટ્રા–હાઈ સ્પીડ આપે છે, જે 4Gની સ્પીડ કરતાં 10 ગણી વધારે છે.

→ તે લેગ–ફ્રી (અવરોધ વિનાનું) કનેકિટવિટી પણ પ્રદાન કરશે.

→ 5G સેવાઓ કનેકટેડ ઉપકરણોને રીઅલ–ટાઈમમાં ડેટા શેર કરવા માટે સક્ષમ કરશે.

→ 5G સ્પેક્ટ્રમ અલ્ટ્રા–લો લેટન્સી કનેકશન્સને પણ પાવર આપે છે, જે સેકન્ડોમાં મોબાઈલ ઉપકરણ પર ઉચ્ચ–ગુણવત્તાવાળી મૂવી અથવા વિડિઓ ડાઉનલોડ કરી શકાશે.

Banking Academy

## ❖ ઔરંગાબાદ શહેર 'પર્યાવરણીય અંતરદષ્ટિ પ્રદર્શિત' (Environmental Insights Explorer) ડેટા બહાર પાડનાર ભારતનું પ્રથમ શહેર.

→ ઔરંગાબાદ સ્માર્ટસિટી ડેવલપમેન્ટ કાઉન્સિલ લિમિટેડ (ASCDCL) અનુસાર, ઔરંગાબાદ શહેર માટે ગુગલ તરફથી "Environmental Insights Explorer" (EIE) ડેટા પ્રકાશિત કરનાર પ્રથમ શહેર બન્યું છે.

→ Environmental Insights Explorer (EIE) ડેટા બનાવવા માટે "ઔરંગાબાદ સ્માર્ટસિટી ડેવલપમેન્ટ કાઉન્સિલ લિમિટેડ" (ASCDCL) અને 'ગુગલ' વચ્ચે MoU થયા હતા.

→ નવી દિલ્હીમાં યોજાયેલી એક ઈવેન્ટ દરમિયાન ગુગલે ઔરંગાબાદ માટે EIE ડેશબોર્ડ રજૂ કર્યું હતું.




→ આ ડેટા સંશોધન સંસ્થાઓને શહેર માટે પર્યાવરણીય ટકાઉ ઉકેલો (Environment Sustainable Solution) શોધવા માટે મદદરૂપ થશે.

→ આ ડેટા સંયુકત રાષ્ટ્રના ટકાઉ લક્ષ્યો (Sustainable Goals) પર આધારિત છે જે 'Race to Zero' અને 'Race to Resilience Program' ના સંદર્ભમાં સુસંગત છે, એટલે કે આ ડેટા ભાવિ પેઢીઓ માટે ટકાઉ વાતાવરણ બનાવવામાં મદદ કરશે.

- **<u>Environmental Insights Explorer (EIE) :</u>**

→ આ ડેટામાં વાતાવરણ સંબંધીત માહિતી જેમકે કાર્બન ઉત્સર્જનના સ્ત્રોતો, કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ, આબોહવા અને પર્યાવરણીય ટકાઉ લક્ષ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**<u>ગુગલ (Google) વિશે...</u>**

→ સ્થાપના – 4 સપ્ટેમ્બર, 1998

→ વડુમથક – કેલિફોર્નિયા, અમેરિકા

→ CEO - સુંદર પિચાઈ

→ ગુગલ અમેરિકા સ્થિત મલ્ટીનેશનલ ટેકનોલોજી છે, તે સર્ચ એન્જિન ટેકનોલોજી, કલાઉડ કમ્પ્યુટિંગ, કોમ્પ્યુટર સોફટવેર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈ–કોમર્સ વગેરે બનાવવા પર કામ કરે છે.

## ❖ ભારત અને વિયેતનામ વચ્ચે "EX-VINBAX – 2022" દ્વિપક્ષીય આર્મી કવાયત યોજાઈ.




→ તાજેતરમાં ઓગસ્ટ મહિનામા હરિયાણા રાજ્યના ચંડીમંદીર ખાતે ભારત અને વિયેતનામ વચ્ચે "EX-VINBAX–2022" આર્મી કવાયત યોજાઈ હતી, અને આ તેનું ત્રીજુ સંસ્કરણ છે.

→ આ કવાયતનું પ્રથમ સંસ્કરણ 2019માં વિયેતનામમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ કવાયત બન્ને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને "સંરક્ષણ સહયોગ ભાગીદારી"નો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.

→ વિયેતનામ ભારતની એકટ ઈસ્ટ પોલિસી તેમજ ઈન્ડો–પેસિફિક વિઝનમાં પણ મહત્વપૂર્ણ ભાગીદાર છે.

→ EX VINBAX-2022ની થીમ : "Employment and Deployment of an Engineering Company and a Medical Team Under United Nations Contigent For Peacekeeping Operations"

→ EX VINBAX-2022 પરસ્પર વિશ્વાસ અને આંતર કાર્યક્ષમતાને મજબૂત કરવામાં મદદ કરશે, તેમજ આ કવાયત ભારતીય અને વિયેતનામના સૈનિકોને બંને દેશોની સામાજિક અને સાંસ્કૃતિક વારસો જાણવાની તક પણ પૂરી પાડશે.

## ❖ ભારતમાં 10 નવી રામસર સાઈટ્સ જાહેર.

→ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તમિલનાડુમાંથી 6 નવી વેટલેન્ડ્સ અને કર્ણાટક, ગોવા, મધ્યપ્રદેશ અને ઓડિશામાંથી 1 – 1 વેઈટલેન્ડ્સને "આંતરરાષ્ટ્રીય મહત્વના વેટલેન્ડ્સ" તરીકે રામસરની માન્યતા મળી છે. 10 સાઈટના ઉમેરા સાથે દેશમાં રામસર સાઈટની કુલ સંખ્યા 64 થઈ ગઈ છે.

→ આદ્રભૂમિ (Wetlands)ને રામસર સમ્મેલન હેઠળ માન્યતા આપવામાં આવે છે.

- **નવી માન્યતા પ્રાપ્ત રામસર સાઈટ્સ :**

| ક્રમ | રામસર સાઈટ્સ | રાજ્ય |
|---|---|---|
| 1 | કુન્થન કુલમ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ |
| 2 | ગલ્ફ ઓફ મન્નાર બાયોસ્ફિયર રિઝર્વ | તમિલનાડુ |
| 3 | વેમ્બનુર વેટલેન્ડ કોમ્પલેક્સ | તમિલનાડુ |
| 4 | વેલોડ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ |
| 5 | વેદાંથંગલ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ |
| 6 | ઉદયમર્થપુરમ પક્ષી અભયારણ્ય | તમિલનાડુ |
| 7 | રંગનાથિટ્ટુ પક્ષી અભયારણ્ય | કર્ણાટક |
| 8 | નંદા તળાવ | ગોવા |
| 9 | સિરપુર વેટલેન્ડ | મધ્યપ્રદેશ |
| 10 | સાતકોસિયા ગૉર્જ | ઓડિશા |




- **ગુજરાત રાજ્યની રામસર સાઈટ્સ :**

| ક્રમ | રામસર સાઈટ્સ | શહેર |
|---|---|---|
| 1 | ખીજડિયા વન્યજીવ અભયારણ્ય | જામનગર |
| 2 | નળ સરોવર પક્ષી અભયારણ્ય | અમદાવાદ – સુરેન્દ્રનગર |
| 3 | થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય | અમદાવાદ |
| 4 | વઢવાણા વેટલેન્ડ | વડોદરા |

**રામસર સંમેલન વિશે...**

→ આદ્રભૂમિ પરનું રામસર સંમેલન એક આંતર સરકારી સંધિ છે, જે આદ્રભૂમિના સંસાધનોના સંવર્ધન અને સમાવેશી ઉપયોગ માટે રાષ્ટ્રીય પ્રતિક્રિયા અને આંતરરાષ્ટ્રીય સહકાર માટેનું માળખું/ફ્રેમવર્ક પૂરું પાડે છે.

→ તે ઈરાની શહેર ‘રામસર’ ખાતે 2 ફેબ્રુઆરી, 1971 ના રોજ અપનાવવામાં આવ્યું હતું અને 23 ડિસેમ્બર, 1975માં અમલમાં આવ્યું હતું, અને તે એકમાત્ર વૈશ્વિક પર્યાવરણીય સંધિ છે જે કોઈ ચોક્કસ પરિસરતંત્ર સાથે સંબંધિત છે.

→ ભારતે આ સંમેલનને 1 ફેબ્રુઆરી 1982 થી લાગુ કરેલ છે.

→ આ સંમેલન અંતર્ગત સમુદ્રી અને તાજા પાણી એમ બન્ને પરિસરતંત્રના સંરક્ષણ હેતુ કાર્ય કરવામાં આવે છે.

→ રામસર સંમેલન સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીના બહુપક્ષીય પર્યાવરણીય કરારનો હિસ્સો નથી, પરંતુ તે બહુપક્ષીય પર્યાવરણીય કરાર સાથે ખૂબ નજીકના સહયોગથી કાર્ય કરે છે અને સંધિઓ અને કરારોના “જૈવવિવિધતા સંબંધિત સમૂહો” વચ્ચે સંપૂર્ણ ભાગીદાર છે.

→ દર વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ ‘વિશ્વ આદ્રભૂમિ દિવસ’ ઉજવવામાં આવે છે.

→ ભારતમાં સૌથી વધુ રામસર સાઈટ્સ ઉત્તરપ્રદેશ અને તમિલનાડુમાં 10 – 10 છે.

**આદ્રભૂમિ (Wetland) વિશે...**

→ આદ્રભૂમિએ ઊંડા પાણી અને સ્થળીય વસવાટ વચ્ચેના ગુણધર્મો ધરાવતો મધ્યવર્તી વિસ્તાર છે, જે પ્રકૃતિમાં પણ પરિવર્તનશીલ હોય છે અને ઘણી વખત તેમની વચ્ચે સ્થિત હોય છે. આ નિવાસસ્થાનોને / આવાસને અડીને આવેલા ઊંડા પાણીના આવાસોમાંથી સમયાંતરે પૂરનો અનુભવ થાય છે અને તેથી તે વિસ્તારમાં રહેલા છોડ અને પ્રાણીઓ ખાસ કરીને આવા છીછરા પૂર અથવા અધઃસ્તરના જળસંચયને અનુકૂળ બને છે, જેને આદ્રભૂમિ તરીકે ઓળખવામાં આવે છે.

→ આદ્રભૂમિ સામાન્ય રીતે પોષકતત્વોથી ભરપૂર હોય છે અને તેના પરિણામે જળચર વનસ્પતિની વિપુલ પ્રમાણમાં વૃદ્ધિ થાય છે.

## ❖ ભારતીય સેનાની "સ્કાઈલાઈટ મેગા એકસરસાઈઝ" (Skylight Mega Exercise).



→ તાજેતરમાં ભારતીય સેનાએ સ્પેસ ડોમેઈન (Space Domain) ક્ષમતાઓને વધારવા માટે પ્રથમ "સ્કાઈલાઈટ મેગા એકસરસાઈઝ" હાથ ધરી હતી.

→ સ્કાઈલાઈટ કવાયતનો ઉદ્દેશ સેટેલાઈટ કમ્યુનિકેશન એસેટ્સની ઓપરેશનલ તત્પરતા ચકાસવા કર્મચારીઓને તાલીમ આપવાનો હતો.

→ આ કવાયતમાં લક્ષદ્વીપ અને આંદામાન ટાપુઓને આવરી લેવામાં આવ્યા હતા, જ્યાં ભારતીય સેનાએ 25 થી 29 જુલાઈ 2022 સુધી તમામ સંચાર સેટેલાઈટને સક્રિય કર્યા હતા.

→ આ કવાયત દરમિયાન અવકાશ ક્ષેત્રની ઘણી ટેકનોલોજી અને ઓપરેશનલ દ્રશ્યો (Scenarios) દર્શાવવામાં આવ્યા હતા. ISRO, DRDO અને અન્ય એજન્સીઓની ભાગીદારી આ કવાયતમાં જોવા મળી હતી.

→ ISRO (Indian Space Research Organization) દ્વારા છોડવામાં આવેલા સંચાર ઉપગ્રહોની સેવાઓના ઉપયોગ ભારતીય સેના દ્વારા કરવામાં આવે છે, જેમાં ટ્રાન્સપોર્ટેબલ વિહિકલ્સ માઉન્ટેડ ટર્મિનલ, સ્ટેટિક ટર્મિનલ્સ અને ફોર્મ ફેકટર સેવાઓનો સમાવેશ થાય છે.

## ❖ ભારત દ્વારા કાલા અઝાર બિમારીને વર્ષ 2023 સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્ય.




→ ભારત સરકારે વર્ષ 2023 સુધીમાં દેશમાંથી કાલા અઝારને નાબૂદ કરવાનો લક્ષ્ય નક્કી કર્યો છે.

→ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી ડૉ.ભારતી પ્રવિણ પવાર અનુસાર, 633 કાલા અઝાર સ્થાનિક બ્લોકસમાંથી, 625 બ્લોકસ સફળતાપૂર્વક દૂર થઈ ગયા છે.

→ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ કાલા અઝાર બિમારીને વર્ષ 2030 સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્ય રાખ્યો છે.


- **<u>કાલા અઝાર રોગ વિશે :</u>**

→ કાલા અઝારને લીશમેનિયાસિસ પણ કહેવામાં આવે છે. તે એક ઉષ્ણ કટિબંધીય રોગ છે, જેનાથી ભારત સહિત 100 થી વધુ દેશો પ્રભાવિત છે.

→ ઉષ્ણકટિબંધીય રોગો એ બહુવિધ ચેપી રોગોનું જૂથ છે જે ઉષ્ણકટિબંધીય પરિસ્થિતિઓમાં પ્રચલિત છે.

→ આ રોગ લીશમેનિયા નામના પરોપજીવીને કારણે થાય છે. પરોપજીવી રેતીની માખીઓના કરડવાથી ફેલાય છે.

→ કાલા અઝારની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એકમાત્ર દવા મિલ્ટેફોસીન છે.



## રમત-જગત, નિમણૂંક વ્યક્તિ, પુસ્તક, નિધન

## ❖ United Nation General Assembly (UNGA) દ્વારા "સ્વસ્થ પર્યાવરણ"ને માનવ અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી.




→ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) એ તાજેતરમાં એક ઠરાવ પસાર કર્યો હતો જે માનવ અધિકાર તરીકે સ્વસ્થ પર્યાવરણને માન્યતા આપે છે. ભારતે આ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું છે. આ ઠરાવ મુજબ સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણ અધિકાર માનવ અધિકાર બની ગયો છે.

→ સંયુકત રાષ્ટ્ર મહાસભાએ 28 જુલાઈ 2022ના રોજ આ ઠરાવ પસાર કર્યો હતો.

→ 193 સભ્યોમાંથી 161 સભ્યોએ તેની તરફેણમાં મતદાન કર્યું હતું.

→ બેલારુસ, ચીન, કંબોડિયા, રશિયા, સીરિયા, ઈથોપિયા, ઈરાન અને કિર્ગિસ્તાને મતદાનથી દૂર રહ્યા હતા.

- **<u>સંયુક્ત રાષ્ટ્રનો ઐતિહાસિક ઠરાવ :</u>**

→ તે સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણના અધિકારને માનવ અધિકાર તરીકે માન્યતા આપે છે.

→ તે સુનિશ્ચિત કરે છે કે સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણના માનવ અધિકારને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય કાયદાના સિદ્ધાંતો સંપૂર્ણપણે અમલીકરણની જરૂર છે.

- **<u>ભારતની ચિંતા :</u>**

→ જો કે, ભારત બહેતર પર્યાવરણ તરફના કોઈપણ પ્રયાસને સમર્થન આપવા અને પર્યાવરણ સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવા માટે તૈયાર છે. આ માટે આપણે તરફેણમાં મતદાન કર્યું છે. પરંતુ ભારતે ઠરાવના ઓપરેટિવ ફકરા 1થી પોતાને દૂર રાખ્યું છે, જેમાં લખ્યું છે કે, "સંયુકત રાષ્ટ્ર મહાસભા માનવ અધિકાર તરીકે સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણના અધિકારને માન્યતા આપે છે." પરંતુ ભારતનું માનવું છે કે આ નિવેદનને સત્તાવાર રેકોર્ડમાં સામેલ કરવામાં આવે. આ ઉપરાંત ઠરાવ સ્પષ્ટપણે 'સ્વચ્છ', 'સ્વસ્થ' અને 'ટકાઉ' શબ્દોને વ્યાખ્યાયિત કરતું નથી.

## ❖ સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)ના નવા કમિશનર તરીકે સુરેશ પટેલની નિમણૂક.

→ નવી દિલ્હી : સુરેશ એન. પટેલે બુધવારે સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર (CVC) તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. આ પદ પાછલા એક વર્ષથી ખાલી પડયું હતું.

→ આ વર્ષના જૂન મહિનાથી કાર્યકારી CVC તરીકે ફરજ બજાવતા સુરેશ પટેલને રાષ્ટ્રપતિ ભવનમાં પ્રેસિડેન્ટ દ્રૌપદી મૂર્મુએ હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

→ આ અગાઉ આંધ્ર બેન્કના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેકટર અને મુખ્ય કાર્યકારી અધિકારી સુરેશ પટેલને એપ્રિલ 2020માં તકેદારી કમિશનર તરીકે નિયુકત કરાયા હતા.

→ ભૂતપૂર્વ આઈએએસ અધિકારી સંજય કોઠારીએ પાછલા વર્ષે 24 જૂને CVC તરીકે પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો.



સુરેશ એન પટેલની સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર તરીકે નિમણૂક

**<u>સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) વિશે...</u>**

→ રચના – ફેબ્રુઆરી 1964

→ વડુમથક – નવી દિલ્હી

→ કમિશનર – સુરેશ પટેલ

→ સેન્ટ્રલ વિજિલન્સ કમિશન, એક સ્વાયત્ત સંસ્થાનો દરજ્જો ધરાવે છે, કોઈપણ એકિઝકયુટિવ ઓથોરિટીના નિયંત્રણથી મુકત, ભારતની કેન્દ્ર સરકાર હેઠળની તમામ તકેદારી પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવાનો, કેન્દ્ર સરકારની સંસ્થાઓમાં વિવિધ સત્તાવાળાઓને તેમના તકેદારી કાર્યના આયોજન, અમલીકરણ, સમીક્ષા અને સુધારણામાં સલાહ આપવાનું કાર્ય કરે છે.

## ❖ પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)ના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈની નિમણૂંક.

→ ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈની પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેઓ PCIની પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા છે. તેમને ન્યાયમૂર્તિ સી.કે.પ્રસાદનું સ્થાન લીધુ છે.

**<u>PCI (Press Council on India) વિશે...</u>**

→ રચના – વર્ષ 1966

→ વડુમથક – નવી દિલ્હી

→ અધ્યક્ષ – રંજના પ્રકાશ દેસાઈ

→ પ્રેસની સ્વતંત્રતા જાળવવા અને પ્રેસના ધોરણોને જાળવવા અને સુધારવાના કાર્યમાં કાઉન્સિલ બહુપક્ષીય ભૂમિકા ભજવે છે. તે એક તરફ સિવિલ કોર્ટની તમામ સત્તાઓ સાથે અર્ધ–ન્યાયિક સત્તા તરીકે કાર્ય કરે છે અને બીજી તરફ, તેની સલાહકાર ક્ષમતામાં; તે પ્રેસની સ્વતંત્રતા અને તેની જાળવણી પર અસર કરી શકે તેવી કોઈપણ બાબતમાં પ્રેસ તેમજ સત્તાવાળાઓને માર્ગદર્શન આપે છે.



## ❖ ભારતમાં 44મી આંતરરાષ્ટ્રીય ચેસ ઓલિમ્પિયાડનું આયોજન.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 જુલાઈ 2022ના રોજ ચેન્નાઈના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં 44મી આંતરરાષ્ટ્રીય ચેસ ઓલિમ્પિયાડનું ઉદ્ઘાટન કર્યું હતું.




- **44મી આંતરરાષ્ટ્રીય ચેસ ઓલિમ્પિયાડ :**

→ 44મી ચેસ ઓલિમ્પિયાડ 28 જુલાઈથી 10 ઓગસ્ટ 2022 દરમિયાન ચેન્નાઈના મામલ્લાપુરમ જિલ્લાના પુંજેરી ગામમાં યોજાશે.

→ ભારતના જાણીતા ગ્રાન્ડમાસ્ટર વિશ્વનાથન આનંદ ખેલાડીઓને માર્ગદર્શન આપશે.

→ ભારતની 'A' ટીમ (ઓપન વિભાગ)માં પી હરિકૃષ્ણા, અર્જુન અરિગાસી, એલકે નારાયણન, વિદિત ગુજરાતી અને કે શશિકિરણનો સમાવેશ થાય છે.

→ આ ઈવેન્ટનું આયોજન ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) દ્વારા કરવામાં આવી રહ્યું છે.

→ 44મી ચેસ ઓલિમ્પિયાડ મૂળ રૂપે ચેસ વર્લ્ડ કપ 2019 રશિયાના ખંતી–માનસિસ્કમાં યોજાવાનો હતો. જો કે, બાદમાં તેને 5 થી 17 ઓગસ્ટ 2020 દરમિયાન મોસ્કોમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો. છતા COVID-19 રોગચાળાને કારણે મુલતવી રાખવામાં આવ્યો હતો. છેવટે, યુક્રેન પર રશિયન આક્રમણને પગલે, ઈવેન્ટને ચેન્નાઈ ખસેડવામાં આવી હતી.

**The International Chess of Federation વિશે...**

→ રચના – 20 જુલાઈ, 1924

→ વડુમથક – લ્યુસાને, સ્વિટ્ઝરલેન્ડ

→ અધ્યક્ષ – આર્કાડી ડ્વોરકોવિચ

→ ઉપાધ્યક્ષ – વિશ્વનાથ આનંદ

→ FIDE, સ્વિટ્ઝરલેન્ડ સ્થિત એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે વિવિધ રાષ્ટ્રીય ચેસ ફેડરેશનને જોડે છે અને આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાના સંચાલક મંડળ તરીકે કાર્ય કરે છે.



## એવોર્ડ, પુરસ્કાર

## ❖ તમિલનાડુ પોલીસને "પ્રેસિડન્ટ કલર્સ" એવોર્ડ એનાયત.

→ તાજેતરમાં તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિનને ચેન્નાઈના રાજરથિનમ સ્ટેડિયમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં તમિલનાડુ પોલીસને "પ્રેસિડન્ટ કલર્સ" એવોર્ડ આપવામાં આવ્યો છે.



→ ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ.કે.વેંકૈયાનાયડુ દ્વારા "પ્રેસિડન્ટ કલર્સ" એવોર્ડ આપવામાં આવ્યો હતો.

→ આ એવોર્ડ પ્રાપ્ત થયા પછી તમિલનાડુ પોલીસ, ભારતમાં મહત્વની કાયદા અમલીકરણ એજન્સીઓમાંની એક બની ગઈ છે.

→ તમિલનાડુ પોલીસ માટે "પ્રેસિડન્ટ કલર્સ" 19 ઓગસ્ટ, 2009 ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો, પરંતુ આ એવોર્ડ આપવામાં લાંબો સમય લાગ્યો છે.

- **તમિલનાડુ પોલીસ વિશે :**

→ તમિલનાડુ પોલીસે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ પર સંવેદનશીલ વલણ અપનાવ્યું છે તેમજ ભારતની પ્રથમ મહિલા કમાન્ડો યુનિટ તમિલનાડુ પોલીસ તરફથી સેવા આપી રહ્યું છે.

**પ્રેસિડન્ટ કલર્સ અવોર્ડ વિશે...**

→ પ્રેસિડન્ટ કલર્સ એવોર્ડ ભારતના કોઈપણ સૈન્ય એકમને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

→ આ એવોર્ડને "નિશાન" તરીકે પણ ઓળખવામાં આવે છે. "નિશાન" એ એક પ્રતિકનું પ્રતિનિધિત્વ કરે છે જે સૈન્ય એકમના તમામ અધિકારીઓ તેમના ગણવેશની ડાબી બાજુની સ્લીવ પર પહેરે છે.

ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા

# બેન્કિંગ એકેડમી
# સુરત

અંદાજિત કુલ જગ્યાઓ
**20000+**

GPSC Class-III

ASI/PSI

કોન્સ્ટેબલ

તલાટી કમ મંત્રી

બિન સચિવાલય

TET - I/II - TAT

વનરક્ષક

ગુજરાત સરકારની વર્ગ-3ની
વિવિધ ભરતીઓ

# GPSC

તૈયારી માટેના નવા વર્ગો
ટૂંક સમયમાં શરૂ

ADMISSION
OPEN

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની
રૂબરૂ મુલાકાત લો.

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

## મહત્વના દિવસો

### ❖ વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી




- → 1 થી 7 ઓગસ્ટ દરમિયાન સ્તનપાન સંબંધિત વિષયો પર જાગૃતિ લાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરમાં દર વર્ષે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' (World Breast – Feeding Week) ની ઉજવણી કરવામાં આવે છે.
- → તેનું સંકલન અને આયોજન World Alliance for Breast Feeding Action (WABA) દ્વારા કરવામાં આવેલું જે વિશ્વમાં સ્તનપાનનાં રક્ષણ, પ્રોત્સાહન અને સમર્થન માટે સમર્પિત વ્યકિતઓ અને સંસ્થાઓનું નેટવર્ક છે.
- → આ સપ્તાહની ઉજવણી કરવાની શરૂઆત વર્ષ 1992 થી થઈ હતી.
- → વર્ષ 2016 થી વિશ્વ સ્તનપાન સપ્તાહને સંયુકત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) સાથે જોડવામાં આવ્યું હતું. જેથી તેને 'WBW-SDGs ઝુંબેશ' તરીકે ઓળખવામાં આવે છે.
- → વર્ષ 2022ની થીમ : Step Up for Breastfeeding : Educate and Support.

### ❖ 1 ઓગસ્ટ – વર્લ્ડ વાઈડ વેબ (WWW) દિવસ




- → વર્લ્ડ વાઈડ વેબ ડે સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટ યુઝર્સને ઈન્ટરનેટ વિશે માહિતી આપવા અને તેનું મહત્વ સમજાવવા માટે દર વર્ષે 1 ઓગસ્ટના રોજ ઉજવવામાં આવે છે.
- → આ દિવસે વર્લ્ડ વાઈડ વેબના ઉપયોગો, તેનું ભવિષ્ય અને ઓનલાઈન સુરક્ષા જેવા મુદ્દાઓ પર વિવિધ માધ્યમો દ્વારા પ્રકાશ પાડવામાં આવે છે.
- → WWW (World Wide Web)એ ઈન્ટરનેટ પર વેબસાઈટનો સમૂહ છે. જે બધી વેબસાઈટને એકબીજા સાથે જોડીને માહિતીનું એક વિશ્વવ્યાપી જાળું બનાવે છે.
- → WWW નો વિચાર ટિમ બર્નર્સ–લી દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- → તેનો પ્રથમ સફળ પ્રયોગ 6 ઓગસ્ટ 1991 ના રોજ કરવામાં આવ્યો હતો. W3C (World Wide Web Consortium) નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા WWWનું સંચાલન કરે છે. જેની સ્થાપના વર્ષ 1994 માં ટિમ બર્નર્સ દ્વારા કરવામાં આવી હતી.
- → ભારતમાં 15 ઓગસ્ટ 1995ના રોજ વિદેશ સંચાર નિગમ લિમિટેડ (VSNL) દ્વારા સાર્વજનિક ઈન્ટરનેટની શરૂઆત કરવામાં આવી હતી.
- → સમગ્ર વિશ્વમાં કુલ ઈન્ટરનેટ યુઝર્સમાંથી 53.1 ટકા ઈન્ટરનેટ યુઝર્સ માત્ર એશિયાખંડના છે.

### ❖ 1 ઓગસ્ટ – મુસ્લિમ મહિલા અધિકાર દિવસ

- → ભારતમાં 1 ઓગસ્ટના રોજ મુસ્લિમ મહિલા અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- → 1લી ઓગસ્ટ 2019ના રોજ સંસદમાં મંજૂર કરાયેલ ત્રિપલ તલાક બિલની પૃષ્ઠભૂમિમાં 1લી ઓગસ્ટે મુસ્લિમ મહિલા અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- → ત્રિપલ તલાક બિલ મુસ્લિમ મહિલાઓને છૂટાછેડાની શરતોની સામાજિક અનિષ્ટના બંધનમાંથી મુકત કરવામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ હતું.
- → શાહ બાનો બેગમ અને અન્ય વિ. અહેમદ ખાન, 'શાયરા બાનો વિ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય'એ આ પગલાનો પાયો નાખ્યો હતો.
- → શાયરા બાનોએ સુપ્રીમ કોર્ટને પોતાની રિટ પિટિશનમાં ત્રણ પ્રથા–તલાક–એ–બિદ્દત, બહુપત્નીત્વ, નિકાહ–હલાલા–ને ગેરબંધારણીય જાહેર કરવાની માંગ કરી હતી.

- **<u>આ તારીખને 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' તરીકે શા માટે ગણવામાં આવે છે ?</u>**

- → ત્રિપલ તલાક કાયદાએ 'ત્રિપલ તલાક'ને ફોજદારી ગુનો બનાવ્યો છે. કાયદાને એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે કારણ કે તેણે તાત્કાલિક 'છૂટાછેડા'ની પ્રથાને કાયદેસર રીતે ગુનાહિત કરીને લિંગ અસમાનતા અને સશકિતકરણ સામે મુસ્લિમ મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. આથી આ દિવસને મુસ્લિમ મહિલા અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- → આ કાયદો મહિલાઓની આત્મનિર્ભરતા, સ્વાભિમાનને પ્રોત્સાહન આપવા માંગે છે કારણ કે તે મુસ્લિમ મહિલાઓના મૂળભૂત અને લોકશાહી અધિકારોને મજબૂત બનાવે છે.

## ❖ 6 ઓગસ્ટ – હિરોશિમા દિવસ

→ દર વર્ષે 6 ઓગસ્ટના રોજ 'હિરોશિમા દિવસ' ઉજવવામાં આવે છે. આ વર્ષે હિરોશિમા દુર્ઘટનાની 77મી વર્ષગાંઠ છે.

→ આ દિવસને વિશ્વ ઈતિહાસમાં 'કાળા દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ આ દિવસ ઉજવવાનો હેતુ પરમાણુ શસ્ત્રોના ખતરા અને પરમાણુ ઊર્જાના જોખમ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.

→ આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય યુદ્ધ સામે શાંતિની રાજનીતિને પ્રોત્સાહન આપવાનો છે.




**આ દિવસ ઉજવવા પાછળનો ઈતિહાસ...**

→ 6 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકા દ્વારા જાપાનના હિરોશિમા શહેર પર 'લિટલ બોય' નામનો પરમાણુ બોમ્બ ફેકવામાં આવ્યો હતો. જેમાં લગભગ 80,000 લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકો પછીથી રેડિયેશનના સંપર્કમાં આવતા મૃત્યુ પામ્યા હતા. વિશ્વના કોઈપણ સ્થળે ફેંકવામાં આવેલ આ સૌપ્રથમ પરમાણુ બોમ્બ હતો.

## ❖ 7 ઓગસ્ટ – રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ

→ 7 ઓગસ્ટના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

→ આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ હાથવણાટના કામો અને ભારતીય હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો છે.

→ આ દિવસે કલાકારો અને વણકરોને સંત કબીર પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવે છે.

→ દેશના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન સ્વદેશી ચળવળની શરૂઆત 7 ઓગસ્ટ, 1905ના રોજ થઈ હતી.




→ તેથી તેની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 2015 થી દર વર્ષે 7 ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ' ઉજવવામાં આવે છે.

**હેન્ડલૂમ વિશે...**

→ હેન્ડલૂમ ક્ષેત્ર દેશની શાનદાર સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે અને આજીવિકાનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે. આ ક્ષેત્ર મહિલા સશકિતકરણ માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ ક્ષેત્રના 70% ભાગમાં મહિલાઓ જોડાયેલી છે.

## ❖ 9 ઓગસ્ટ – નાગાસાકી દિવસ

→ દર વર્ષે 9 ઓગસ્ટના રોજ 'નાગાસાકી દિવસ' ઉજવવામાં આવે છે. આ વર્ષે નાગાસાકી દુર્ઘટનાની 77મી વર્ષગાંઠ છે.


- **આ દિવસ ઉજવવા પાછળનો ઈતિહાસ :**

→ 9 ઓગસ્ટ, 1945ના રોજ અમેરિકા દ્વારા જાપાનના નાગાસાકી શહેર પર 'ફેટમેન' નામનો પરમાણુ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. જેમાં લગભગ 75,000 કરતા વધુ લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકો પછીથી રેડિયેશનના સંપર્કમાં આવતા મૃત્યુ પામ્યા હતા.




→ આ દુર્ઘટના બાદ જાપાન દ્વારા શરણાગતિની ઘોષણા કરવામાં આવી હતી. આ સાથે જ બીજા વિશ્વયુદ્ધ (1939-45)નો અંત આવ્યો હતો.

## ❖ 9 ઓગસ્ટ – વિશ્વ આદિવાસી દિવસ




→ દર વર્ષે 9 ઓગસ્ટના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ' ઉજવવામાં આવે છે.

→ સંયુક્ત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભાએ 23 ડિસેમ્બર, 1994ના રોજ પસાર કરી 9 ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી. સમગ્ર વિશ્વમાં આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1995માં ઉજવવામાં આવ્યો હતો. હાલમાં 27મો વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.

→ વર્ષ 2022ની **થીમ** The Role of Indigenous Women in the Preservation and Transmission of Traditional Knowledge'

→ આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સમાજના અન્ય વર્ગો સાથે આદિવાસી સમાજને સમાન હક ભોગવે તથા પોતાની સંસ્કૃતિને પણ જાળવી રાખે તે હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- **ભારતમાં આદિવાસીઓની સ્થિતિ વિશે :**

→ વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ ભારતની કુલ વસતીના 8.6% આદિવાસી સમુદાય છે.

→ ભારતમાં ટકાવારીની દૃષ્ટિએ સૌથી વધુ આદિવાસી મિઝોરમમાં (94%) જ્યારે વસતીની દૃષ્ટિએ સૌથી વધારે આદિવાસી મધ્યપ્રદેશમાં વસવાટ કરે છે. સૌથી ઓછા આદિવાસી ઉત્તરપ્રદેશમાં વસવાટ કરે છે.

→ ભારતમાં ચૂંટાયેલી લોકસભાની 543 બેઠકમાંથી અનુસૂચિત જાતિ માટે 84 અને અનુસૂચિત જનજાતિ માટે 47 બેઠકો અનામત છે.

→ વર્ષ 2014માં જનજાતિય લોકોની માળખાગત સંરચના અને માનવ વિકાસ સૂચકાંકોમાં સુધારો લાવવા કેન્દ્રીય જનજાતિ કલ્યાણ મંત્રાલય દ્વારા ગુજરાત મોડલ આધારિત 'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કરવામાં આવી હતી.

→ જનજાતિના ઉત્પાદનના વેચાણ માટે TRIFED (Tribal Cooperative Marketing Development Federation of India Limited) ની રચના કરવામાં આવી હતી જે તેના અનેક ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય ઉપલબ્ધ કરાવવામાં મદદ કરે છે. જ્યારે વર્ષ 2019માં TRIFED દ્વારા Go Tribal અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

→ તાજેતરમાં ભારતના પ્રથમ મહિલા આદિવાસી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બન્યા છે.

- **ગુજરાતમાં આદિવાસીઓની સ્થિતિ વિશે :**

→ વર્ષ 2011ની વસતીગણતરી મુજબ ગુજરાતની કુલ વસતીના 14.75% વસતી આદિવાસી છે.

→ ગુજરાતમાં ટકાવારી દૃષ્ટિએ સૌથી વધુ આદિવાસી ડાંગ (આશરે 94%) જ્યારે વસતીની દૃષ્ટિએ સૌથી વધારે દાહોદ જિલ્લામાં વસવાટ કરે છે. સૌથી ઓછી આદિવાસી સમુદાય ભાવનગર જિલ્લામાં (0.3%) વસવાટ કરે છે.

→ ગુજરાતમાં કુલ 6 બેઠક લોકસભાની અનુસૂચિત જાતિ / જનજાતિ માટે અનામત છે.

→ ગુજરાતની કુલ વિધાનસભાની સીટ સંખ્યા 182 છે જેમાં અનુસૂચિત જાતિ માટે 13 અને અનુસૂચિત જનજાતિ માટે 26 બેઠક અનામત છે.

# શબ્દાવલી

## ❖ કંગારૂ કોર્ટ (Kangaroo Court)

→ કંગારૂ કોર્ટ શબ્દનો ઉપયોગ ન્યાયિક પ્રણાલી માટે થાય છે.

→ આ કોર્ટ લોકોના જૂથ દ્વારા આયોજિત એક અનૌપચારિક અદાલત છે જ્યાં પુરાવા વિના કોઈપણ આરોપીને દોષિત ગણવામાં આવે છે.

→ આ કોર્ટ બિનસત્તાવાર અદાલત છે જેમાં નિયમો અને કાયદાઓનો પાલન કરવામાં આવતુ નથી.

→ મિડિયા ટ્રાયલ કંગારૂ કોર્ટનું સૌથી વધુ પ્રચલિત ઉદાહરણ છે.

→ કંગારૂ કોર્ટ શબ્દની ઉત્પત્તિ વર્ષ 1849 – 1850 દરમિયાન કેલિફોર્નિયામાં થઈ હતી.

## ❖ ફ્રીબીઝ (Freebies)

→ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી વખતે લોકોના મતોને સુરક્ષિત કરવા માટે મફત વીજળી, પાણી પુરવઠો, બેરોજગારોને રોજગાર અને દૈનિક વેતન કામદારો અને મહિલાઓને લેપટોપ, સ્માર્ટફોન અને યાંત્રિક ઉપકરણો (ગેજેટ્સ) વગેરે મફત આપવા માટે વચન આપવામાં આવે છે. આ પ્રક્રિયાને ફ્રીબીઝ કહેવામાં આવે છે.

→ ફ્રીબીઝમાં લોન માફીના સ્વરૂપ, મફત વીજળી, સાઈકલ, લેપટોપ અને ટીવી સેટ વગેરેનો સમાવેશ થાય છે.

## ❖ ચૂંટણી બોન્ડ (Electoral Bond)

→ ચૂંટણી બોન્ડ એ એક સાધન છે, જેના દ્વારા કોઈપણ વ્યકિત રાજકીય પક્ષોને નાણા દાન કરી શકે છે.

→ આવા બોન્ડ્સ રૂ. 10 ના ગુણાંકમાં રૂ. 1000, રૂ. 10,000, રૂ. 1 લાખ, રૂ. 10 લાખ અને રૂ. 1 કરોડ સુધી હોય છે, જેને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની અધિકૃત શાખાઓમાંથી ખરીદી શકાય છે.

→ આ બોન્ડને દાતાઓ અધિકૃત SBI શાખાને ચેક અથવા ડિજિટલ મિકેનિઝમ (રોકડ વગર) દ્વારા રકમ ચૂકવવાની હોય છે.

→ આ બોન્ડ્સ મેળવ્યાના 15 દિવસની અંદર રાજકીય પક્ષો રોકડ રકમ ઉપાડી શકે છે જેથી રાજકીય પક્ષો તેમના ચૂંટણી ખર્ચ માટેનું ભંડોળ પૂરું પાડી શકે.

→ આ બોન્ડમાં દાતાનું નામ અનામી રહે છે.



Current Affairs Booster

1. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા વિસ્થાપિત થયેલા બાળકો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે ?
(A) United Nations (B) WTO (C) WHO (D) ILO

2. તાજેતરમાં 'પી.એમ.સ્વનિધિ ઉત્સવ' કયાં મનાવવામાં આવ્યો ?
(A) સાબરમતી રિવરફ્રન્ટ – અમદાવાદ (B) મહાત્મા મંદિર – ગાંધીનગર
(C) આજવા તળાવ – વડોદરા (D) સ્ટેચ્યુ ઓફ યુનિટી – એકતા નગર

3. તાજતેરમાં ભારત અને ઉઝબેકિસ્તાનના આંતર સરકારી આયોગ (IGC)ની 13મી સેશન કયાં યોજાઈ છે ?
(A) મુંબઈ (B) બેંગલુરુ (C) નવી દિલ્હી (D) હૈદરાબાદ

4. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ (UN) દ્વારા વિસ્થાપિત થયેલા બાળકો જાહેર કરાયેલ માર્ગદર્શિકા મુજબ તેમા કેટલા સિદ્ધાંતનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) 10 (B) 9 (C) 20 (D) 15

5. તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલ PM-સ્વનિધિ યોજના વિશે નીચે આપેલ વિધાન પૈકી કયા વિધાન યોગ્ય છે ?
(i) આ યોજનાની શરૂઆત ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.
(ii) આ યોજનાનો લાભ માત્ર ગામના નાના દુકાનદારોને મળે છે.
(iii) આ યોજના અંતર્ગત સ્ટ્રીટ વેન્ડર્સને 10,000 રૂપિયા સુધીની લોન મળે છે.
(A) માત્ર (iii) (B) (i), (ii), (iii) (C) (i), (iii) (D) (ii), (iii)

6. તાજેતરમાં ભારત અને ઉઝબેકિસ્તાન તેમના રાજદ્વારી સંબંધોના કેટલામા વર્ષની ઉજવણી કરી રહ્યા છે ?
(A) 40મા (B) 60મા (C) 30મા (D) 20મા

7. તાજેતરમાં UN દ્વારા વિસ્થાપિત બાળકો માટે જાહેર કરાયેલ માર્ગદર્શિકા વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા / સાચું છે ?
(i) આ માર્ગદર્શિકાઓ ઈન્ટરનલ અને ક્રોસ બોર્ડર સ્થળાંતરને આવરીલે છે.
(ii) આ માર્ગદર્શિકા અનુસાર વર્ષ 2020માં 15 મિલિયન બાળકો વિસ્થાપિત થયા છે.
(iii) આ માર્ગદર્શિકા મુજબ વધુમાં 2.2 બિલિયન બાળકોમાંથી અડધા બાળકો (લગભગ 1 બિલિયન) છોકરાઓ અને છોકરી 33 દેશોમાં આબોહવા પરિવર્તનની અસરના ઉચ્ચ જોખમમાં છે.
(A) ફક્ત (ii) (B) (i) અને (ii) (C) (ii) અને (iii) (D) (i) અને (iii)

8. તાજેતરમાં ગુજરાતના કયા સ્થળે 'મેઘ મલ્હાર' ફેસ્ટિવલનું આયોજન થયું હતું ?
(A) સાપુતારા (B) પાવાગઢ (C) જૂનાગઢ (D) સ્ટેચ્યુ ઓફ યુનિટી

9. ભારત અને તાજિકિસ્તાનની વચ્ચે વેપારમાં વર્ષ 2019-20થી વર્ષ 2021-22માં કેટલા ટકા વૃદ્ધિ થઈ છે ?
(A) 40% (B) 38.5% (C) 48.6% (D) 32.8%

10. તાજેતરમાં આવાસ અને શહેરી બાબતોનાં મંત્રી હરદીપ સિંહ પુરીએ નેશનલ એસોસિયેશન ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયા (NASVI)ની કેટલામી મિટિંગને સંબોધિત કરવામાં આવી છે ?
(A) 10મી (B) 16મી (C) 15મી (D) 18મી

11. ભારતનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન – નેચરલ ગેસ બ્લેન્ડિંગ પ્રોજેક્ટનો પ્રધાનમંત્રીએ કયાં શિલાન્યાસ કર્યો ?
(A) હજીરા (B) દહેજ (C) કંડલા (D) ઘોઘા

12. ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે આયોજિત પ્રથમ સંયુકત સૈન્ય કવાયતનું નામ જણાવો.
(A) ડસ્ટલિક (B) ગરુડ શકિત (C) મિત્ર શકિત (D) વાયુ શકિત

13. સ્ટ્રીટ વેન્ડર્સ વિશે નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચું / સાચા છે ?
(i) ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ સ્ટ્રીટ વેન્ડર્સ (9.49 લાખ) છે.
(ii) ભારતમાં સ્ટ્રીટ વેન્ડર્સ (Street Vendors) ની સંખ્યા લગભગ 49.98 લાખ છે.
(iii) બિહારમાં સ્ટ્રીટ વેન્ડર્સની સંખ્યા 72457 છે.
(iv) સિક્કિમમાં કોઈપણ સ્ટ્રીટ વેન્ડર્સની ઓળખ થઈ નથી.
(A) ફક્ત (i) અને (ii) (B) (ii), (iii) અને (iv) (C) (ii) અને (iv) (D) (iii) અને (iv)

**14. તાજેતરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા 'મોદી@20ડ્રિમ્સ મીટ ડિલવરી' કાર્યક્રમ કયાં યોજાયો ?**
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) ભૂજ (D) પંચમહાલ

**15. નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી એસેસમેન્ટમાં કેન્દ્રીય મંત્રાલયના પોર્ટલ હેઠળ ગૃહ મંત્રાલયને કયું સ્થાન આપવામાં આવ્યું છે ?**
(A) 2 (B) 1 (C) 3 (D) 4

**16. તાજેતરમાં કોના દ્વારા નાણાકીય સમાવેશ સૂચકાંક (Financial Incusion Index) બહાર પાડવામાં આવ્યા છે ?**
(A) નાણા મંત્રાલય (B) RBI (C) નીતિ આયોગ (D) ગૃહ મંત્રાલય

**17. તાજેતરમાં કોના દ્વારા એરિડિટી અનોમલી આઉટલુક (AAO) ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો છે ?**
(A) IMF (B) IMD (C) WHO (D) WTO

**18. નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી (NeSDA)ના કેટલા મુખ્ય પરિમાણો / માપદંડો છે ?**
(A) 4 (B) 6 (C) 8 (D) 5

**19. એરિડિટી અનોમલી આઉટલુક ઈન્ડેક્સ મુજબ ભારતના કેટલા ટકા જિલ્લાઓ શુષ્ક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે ?**
(A) 85% (B) 50% (C) 65% (D) 75%

**20. નેશનલ ઈ–ગવર્નન્સ સર્વિસ ડિલિવરી મૂલ્યાંકન (એસેસમેન્ટ)માં સેન્ટ્રલ મિનિસ્ટ્રી સર્વિસ પોર્ટલ માટે કેટલા વધારાના માપદંડો ઉપયોગ કરવામાં આવ્યા છે ?**
(A) 4 (B) 3 (C) 5 (D) 2

**21. Financial Inclusion Index દર વર્ષે કયા માસમાં પ્રકાશિત કરવામાં આવે છે ?**
(A) જૂ (B) ઓગસ્ટ (C) જુલાઈ (D) ડિસેમ્બર

**22. એરિડિટી અનોમલી ઈન્ડેકસ ભારતના કેટલા જિલ્લાઓ હળવા, મધ્યમ અને ગંભીર શુષ્ક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે?**
(A) 690 (B) 750 (C) 660 (D) 860

**23. NeSDAમાં તમામ સરકારી પોર્ટલને કેટલી કેટેગરીમાં વિભાજિત કરવામાં આવી છે ?**
(A) 2 (B) 3 (C) 4 (D) 6

**24. નાણાકીય સમાવેશ સૂચકાંક (FI – Index) માં કેટલા માપદંડોનો સમાવેશ થાય છે ?**
(A) 3 (B) 2 (C) 6 (D) 8

**25. એરિડિટી અનોમલી ઈન્ડેકસ મુજબ કેટલા જિલ્લાઓ શુષ્કતાના ગંભીર તાપમાનનો સામનો કરી રહ્યા છે ?**
(A) 196 (B) 200 (C) 300 (D) 500

**26. NeSDAની પ્રથમ આવૃત્તિ ક્યારે બહાર પાડવામાં આવી હતી ?**
(A) વર્ષ 2021 (B) વર્ષ 2020 (C) વર્ષ 2019 (D) વર્ષ 2018

**27. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા દેશમાં કુપોષણને કાબૂમાં લેવા માટે લક્ષ્યાંકો જાહેર કરવામાં આવ્યા છે ?**
(A) મહિલા અને બાળવિકાસ (B) ગૃહ મંત્રાલય (C) શહેરી અને આવાસ બાબતોના (D) નાણા મંત્રાલય

**28. નાણાકીય સમાવેશ સૂચકાંકમાં કેટલા સૂચકાંકોનો સમાવેશ થાય છે ?**
(A) 97 (B) 87 (C) 89 (D) 58

**29. NeSDA 2021નું મૂલ્યાંકન વિશે નીચેનામાંથી કયું / કયા વિધાન સાચું / સાચા છે ?**
**(i) આ મૂલ્યાંકન મુજબ ઉત્તર પૂર્વના રાજ્યોમાં ત્રિપુરા ટોચ પર છે ત્યારબાદ આસામ અને મેઘાલય છે.**
**(ii) આ મૂલ્યાંકનની બીજી આવૃત્તિ છે જ્યારે પ્રથમ આવૃત્તિ વર્ષ 2019 માં બહાર પાડવામાં આવી છે.**
**(iii) આ મૂલ્યાંકન મુજબ ગ્રુપ–Bના રાજ્યોમાં ઓડિશા ટોચ પર છે ત્યારબાદ ઉત્તર પ્રદેશ અને બિહાર છે.**
**(iv) આ મૂલ્યાંકન મુજબ ગ્રુપ–Aમાં પંજાબ ટોચ પર છે ત્યારબાદ કેરળ અને તમિલનાડુ છે.**
(A) (i), (ii) અને (iii) (B) (ii) અને (iii) (C) (iii) અને (iv) (D) આપેલ તમામ

**30. તાજેતરમાં મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ લક્ષ્યાંકોમાં દર વર્ષે 6 વર્ષથી નીચેના બાળકોમાં સ્ટંટિંગ અને અલ્પ પોષણને કેટલા ટકા ઘટાડવાનો હેતું છે ?**
(A) 5% (B) 2% (C) 8% (D) 10%

**31. તાજેતરમાં લક્ષદ્વીપ અને આંદામાના ટાપુઓ પર નીચેનામાંથી કોના દ્વારા "સ્કાઈલાઈટ મેગા એકસરસાઈઝ" હાથ ધરવામાં આવી છે ?**
(A) ભારતીય સેના (B) ભારતીય નૌકાદળ (C) ભારતીય વાયુસેના (D) ભારતીય કોસ્ટગાર્ડ

Banking Academy

32. **નાણાકીય સમાવેશ સૂચકાંક વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(i) આ સૂચકાંક આધાર વર્ષના આધારે બનાવવામાં આવ્યું છે.**
**(ii) આ ઈન્ડેક્સ નાણાકીય સમાવેશોને માપવા માટે બહાર પાડવામાં આવે છે.**
**(iii) આ ઈન્ડેક્સ મુજબ ગુણવત્તાના માપદંડોમાં નાણાકીય સાક્ષરતા, ગ્રાહક સુરક્ષા અને સેવાઓમાં ખામી જેવા પાસાઓનો સમાવેશ થાય છે.**
(A) ફક્ત (ii) અને (iii) (B) ફક્ત (i) (C) (i) અને (iii) (D) આપેલ તમામ

33. **એરિડિટી અનોમલી આઉટલુક (AAO) ઈન્ડેક્સ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(i) આ ઈન્ડેક્સ મુજબ ઉત્તરપ્રદેશના સૌથી વધુ (65) જિલ્લાઓ શુષ્કતાની ગંભીર તાપમાનનો સામનો કરી રહ્યા છે જેથી તે સમગ્ર ભારતમાં શુષ્ક પરિસ્થિતિનો સામનો કરનાર રાજ્ય તરીકે પ્રથમ ક્રમાંકે છે.**
**(ii) આ ઈન્ડેક્સ મુજબ ઉત્તરપ્રદેશ પછી રાજસ્થાન શુષ્કતાની ગંભીર પરિસ્થિતિનો સામનો કરનાર રાજ્ય તરીકે બીજા ક્રમે છે જેના 33 જિલ્લાઓ આ શુષ્ક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.**
**(iii) આ ઈન્ડેક્સ મુજબ 13.59 ટકા વિસ્તારોમાંથી 4.65 ટકા વિસ્તારને (ગંભીર થી અપવાદરૂપ) શુષ્ક વિસ્તાર તરીકે નોંધવામાં આવ્યા છે. જેમાં ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને જમ્મુ–કાશ્મીરના વિસ્તારોનો સમાવેશ થાય છે.**
(A) ફક્ત (ii) (B) (i) અને (iii) (C) (i) અને (ii) (D) આપેલ તમામ

34. **નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)-5 મુજબ સૌથી વધુ સ્ટન્ટેડ બાળકો (46.5%) કયા રાજ્યમાં છે ?**
(A) રાજસ્થાન (B) ગુજરાત (C) મેઘાલય (D) આસામ

35. **ઓગસ્ટ 2022 દરમિયાન 'પ્રેસિડન્ટ કલર્સ એવોર્ડ' કયા રાજ્યના પોલીસને આપવામાં આવ્યું ?**
(A) ગુજરાત (B) ઉત્તરપ્રદેશ (C) પંજાબ (D) તમિલનાડુ

36. **તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0ના અમલીકરણ અંગે ઓપરેશનલ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે ?**
(A) મહિલા અને બાળ વિકાસ (B) ગૃહ મંત્રાલય
(C) શહેરી અને આવાસ બાબતોનું (D) આરોગ્ય અને પરિવાર કલ્યાણ

37. **NFHS-5 મુજબ બિહારમાં સૌથી વધુ ઓછા વજનવાળા બાળકો છે તેનું પ્રમાણ કેટલા ટકા છે ?**
(A) 50% (B) 42% (C) 43% (D) 41%

38. **તાજેતરમાં ભારત અને વિયેતનામા સૈનિકો વચ્ચે "EX VINBAX-2022" કવાયત કયા રાજ્યમાં યોજવામાં આવી હતી ?**
(A) તમિલનાડુ (B) હરિયાણા (C) ગુજરાત (D) ઉત્તરપ્રદેશ

39. **વિશ્વ વિખ્યાત કંપની L & T કઈ જગ્યાએ IT પાર્કની સ્થાપના કરશે ?**
(A) સુરત (B) હજીરા (C) વડોદરા (D) ધોલેરા

40. **NFHS-5 મુજબ સૌથી વધુ ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ બિહાર પછી કયા રાજ્યમાં છે ?**
(A) ગુજરાત (B) પશ્ચિમ બંગાળ (C) ઉત્તરપ્રદેશ (D) આસામ

41. **કાલા અઝાર રોગ વિશે નીચેના વિધાન ચકાસો અને સાચા વિધાન જણાવો.**
**(i) તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્યમંત્રી ડૉ.પ્રવિણ પવારે જણાવ્યું કે કાલા અઝાર રોગના સ્થાનિક બ્લોકમાં ઘટાડો નોંધાયો છે.**
**(ii) ભારત સરકાર દ્વારા વર્ષ 2025 સુધીમાં કાલા અઝર નાબૂદીનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે જ્યારે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વર્ષ 2030 સુધીનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.**
**(iii) કાલા અઝારની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એકમાત્ર દવા મિલ્ટેફોસિન છે.**
(A) માત્ર (i) અને (ii) (B) માત્ર (i) અને (iii) (C) માત્ર (i) (D) (i), (ii) અને (iii)

42. **સક્ષમ આંગનવાડી અને પોષણ 2.0 ની કેટલી પેટા યોજના છે ?**
(A) 2 (B) 4 (C) 3 (D) 5

43. **તાજેતરમાં નેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે કેટલા ડિજિટલ હેલ્થ એપ્લિકેશનોનું સફળ એકીકરણ માટેની જાહેરાત કરવામાં આવી છે ?**
(A) 12 (B) 52 (C) 18 (D) 25

44. **તાજેતરમાં વિશ્વમાં પ્રથમવાર ગુજરાતમાં ડ્રોનથી નેનો યુરિયા છંટકાવનો પ્રારંભ મુખ્યમંત્રીએ કયાંથી કરાવ્યો ?**
(A) નેસડા –રાજકોટ (B) આહવા – ડાંગ (C) ધરમપુર – વલસાડ (D) ઈસનપુર – ગાંધીનગર

**45. ભારતમા કુપોષણની હાલની સ્થિતિ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(i) NFHS-5 મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ વાસ્ટેડ બાળકો છે જેનું પ્રમાણ 25.6% છે ત્યારબાદ ગુજરાતમાં (25%) છે.**
**(ii) NFHS-5 મુજબ ઝારખંડમાં 15 થી 49 વર્ષ વચ્ચેની મહિલાઓની સૌથી વધુ ટકાવારી છે જેમનું BMI સામાન્ય (18.5) કરતા ઓછું છે.**
**(iii) NFHS-5 મુજબ બિહારમાં સૌથી વધુ વાસ્ટેડ બાળકો છે ત્યારબાદ મહારાષ્ટ્રમાં છે.**
**(iv) NFHS-5 મુજબ ઝારખંડમાં ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ 39.4% છે.**
(A) ફક્ત (ii) અને (iii) (B) (i), (ii) અને (iv) (C) (i) અને (iii) (D) આપેલ તમામ

**46. તાજેતરમાં પ્રધાનમંત્રીએ ગુજરાતના કયા સ્થળે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલનું ઈ–લોકાર્પણ કર્યું ?**
(A) ધરમપુર – વલસાડ (B) પાંડેસરા – સુરત (C) અંબાજી – બનાસકાંઠા (D) અંકલેશ્વર – ભરૂચ

**47. તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકા મુજબ નીચેનામાંથી કયુ વિધાન સાચું છે ?**
**(i) આ માર્ગદર્શિકા મુજબ યોજનાના લાભાર્થીઓ 18 થી 22 વર્ષની વયજૂથની કિશોરીઓ રહેશે, જેમની ઓળખ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.**
**(ii) આ માર્ગદર્શિકા મુજબ આયુષ મંત્રાલયની યોજનાના અમલીકરણ માટે ટેકનિકલ સમર્થન આપશે.**
**(iii) આ માર્ગદર્શિકા અનુસાર યોજનામાં બાળકોના 100% માપન માટે પ્રયત્ન કરવામાં આવશે.**
(A) ફક્ત (i) અને (iii) (B) (ii) અને (iii) (C) ફક્ત 3 (D) આપેલ તમામ

**48. તાજેતરમાં MSME મંત્રાલયના ઉદ્યમ પોર્ટલ પર કેટલા MSME રજિસ્ટ્રેશન પૂરા થયા છે ?**
(A) 10 લાખ (B) 10 કરોડ (C) 1 કરોડ (D) 1 લાખ

**49. ગાંધીજીના 'આધ્યાત્મિક ગુરુ' કોણ હતા ?**
(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) શ્રીમદ્ રાજચંદ્ર (C) લોકમાન્ય તિલક (D) સુભાષચંદ્ર બોઝ

**50. MSME મંત્રાલયના ઉદ્યમ પોર્ટલ કેટલા કરોડ મહિલાઓને રોજગારી આપે છે ?**
(A) 7.5 કરોડ (B) 7.6 કરોડ (C) 7.9 કરોડ (D) 1.7 કરોડ

**51. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીએ રાજ્યવ્યાપી 'તિરંગા પદયાત્રા'નો પ્રારંભ કયાંથી કરાવ્યો ?**
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) સુરત (D) વડોદરા

**52. આરોગ્ય સેવા એપ્લિકેશનોનું આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે એકીકરણ કયાંથી મેળવી શકાય છે ?**
(A) ડ્રોપ બોક્સ (B) સેન્ડ બોક્સ (C) વ્હાઈટ બોક્સ (D) બ્લેક બોક્સ

**53. તાજેતરમાં નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશને કેટલા કાર્યક્રમો માટે અરજી મંગાવી છે ?**
(A) 4 (B) 2 (C) 5 (D) 3

**54. તાજેતરમાં NHA દ્વારા આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે આરોગ્ય સેવા એપ્લિકેશનોનું એકીકરણ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**
**(i) NHA દ્વારા 52 આરોગ્ય સેવા એપ્લિકેશનોનું આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે એકીકરણ માટેની જાહેરાત કરવામાં આવી છે, જેમાં 32 એપ્લિકેશન સરકારી અને 20 એપ્લિકેશન ખાનગી ક્ષેત્રની છે.**
**(ii) NHA દ્વારા છેલ્લા બે મહિનામાં વધારાના 72 એપ્લિકેશનોનું આયુષ્માન ભારત ડિજિટલ મિશન સાથે એકીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે.**
(A) માત્ર (i) (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) આપેલ પૈકી કોઈ નહીં

**55. તાજેતરમાં વિશ્વમાં સૌપ્રથમ વાર ભારતના કયા રાજ્યમાં ખેતરોમાં ડ્રોનથી નેનો યુરિયા છંટકાવનો પ્રારંભ કરવામાં આવ્યો ?**
(A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) આંધ્રપ્રદેશ (D) ગુજરાત

**56. તાજેતરમાં ગુજરાત રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ઋષિકેશ પટેલે કયા સ્થળેથી Td-10 અને Td-16 (ધનુર અને ડિપ્થેરિયા) રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો ?**
(A) અમદાવાદ (B) ભાવનગર (C) દ્વારકા (D) ગાંધીનગર

**57. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ રિપોર્ટ (આઉટબાઉન્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ – એન ઓપોર્ચ્યુનિટી અનટેપ્ટ) મુજબ ભારતમાંથી આઉટબાઉન્ડ ટ્રિપ્સ વર્ષ 2024 સુધીમાં કેટલા બિલિયન ડૉલર વટાવી જશે ?**
(A) USD 50 બિલિયન (B) USD 42 બિલિયન (C) USD 44 બિલિયન (D) USD 48 બિલિયન

Banking Academy

**58. તાજેતરમાં ભારત દ્વારા વિકસિત લિકિવડ નેનો યુરિયા (LNU) વિશે નીચે આપેલ વિધાનો પૈકી કયા વિધાન યોગ્ય છે ?**
**(i) પારંપરિક યુરિયાના સ્થાને નેનો યુરિયા વિકસિત કરવામાં આવ્યું છે જે ભરપુર માત્રામાં ફોસ્ફરસ પોષક તત્વ પ્રદાન કરે છે.**
**(ii) ગુજરાતના કલોલ ખાતે વિશ્વનો પ્રથમ લિકિવડ નેનો યુરિયા (LNU) પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે.**
**(iii) આ પ્લાન્ટ IFFCO દ્વારા સ્થાપવામાં આવ્યો છે.**
(A) (i), (ii), (iii) (B) (ii), (iii) (C) માત્ર (iii) (D) (i), (ii)

**59. આઉટ બાઉન્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ – એન ઓપોર્ચ્યુનિટી અનટેપ્ટ રિપોર્ટ મુજબ કેટલા ભારતીય પ્રવાસીઓ યુરોપમા પ્રવાસન માટે જાય છે ?**
(A) 50% (B) 30% (C) 20% (D) 10%

**60. તાજેતરમાં ગુજરાત રાજ્યના સ્વાસ્થ્ય મંત્રીએ મુખ્ય કયા બે રોગો માટે Td-10 અને Td-16 રસીકરણ અભિયાનનો શુભારંભ કર્યો ?**
(A) કોવિડ–19 અને TB (B) TB અને ડિપ્થેરિયા (C) ધનુર અને ડિપ્થેરિયા (D) ધનુર અને દાદર

**61. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા 17માં 'ગ્રામીણ ઓલિમ્પિક'નું આયોજન કયા મેળામાં કરવામાં આવશે?**
(A) શામળાજીનો મેળો (B) તરણેતરનો મેળો (C) ડાંગ દરબાર (D) ચિત્રવિચિત્રનો મેળો

**62. ISRO સ્પેસ ટયુટર કાર્યક્રમમાં ગુજરાતની કઈ સંસ્થાને સ્થાન મળ્યું છે ?**
(A) સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) (B) ગુજકોસ્ટ
(C) સાયન્સ સિટી – અમદાવાદ (D) વિજ્ઞાન ભવન – અમદાવાદ

**63. આઉટ બાઉન્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ – એન ઓર્પોચ્યુનિટી અનટેપ્ડ રિપોર્ટ મુજબ કેટલા ભારતીય ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં પ્રવાસ કરે છે ?**
(A) 10% (B) 20% (C) 30% (D) 40%

**64. હાલ સમાચારોમાં રહેનાર તરણેતરનો મેળો કયાં યોજાય છે ?**
(A) સુરેન્દ્રનગર (B) અમદાવાદ (C) વડોદરા (D) સાબરકાંઠા

**65. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા ફાર્માકોપિયા કમિશન ફોર ઈન્ડિયન મેડિસીન એન્ડ હોમિયોપોથીની સ્થાપના કરવામાં આવી છે ?**
(A) આયુષ મંત્રાલય (B) ગૃહ મંત્રાલય (C) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (D) ખાદ્ય અને જાહેર વિતરણ

**66. તાજેતરમાં ગુજરાતની ગુજકોસ્ટને કઈ સંસ્થા દ્વારા સ્પેસ ટયુટર કાર્યક્રમમાં સ્થાન મળ્યું છે ?**
(A) DRDO (B) ISRO (C) CSIR (D) આપેલ પૈકી કોઈ નહીં

**67. ગુજરાતમાં 9 ઓગસ્ટના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?**
(A) પંચમહાલ (B) વ્યારા, તાપી (C) માંડવી, સુરત (D) ઝાલોદ, દાહોદ

**68. ફાર્માકોપિયા કમિશનની સ્થાપના કયારે થઈ છે ?**
(A) વર્ષ 2020 (B) વર્ષ 2010 (C) વર્ષ 2015 (D) વર્ષ 2018

**69. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે ?**
(A) 9 ઓગસ્ટ (B) 8 ઓગસ્ટ (C) 10 ઓગસ્ટ (D) 5 ઓગસ્ટ

**70. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે ઉચ્ચ સત્તા ધરાવતી સંયુકત વેપાર સમિતિનું પ્રથમ સત્ર નવી દિલ્હી ખાતે યોજાયું ?**
(A) દક્ષિણ આફ્રિકા (B) કેનેડા (C) મોરેશિયસ (D) તાજિકિસ્તાન

**71. વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવા માટે 'સ્પેસ ટયુટર કાર્યક્રમ' કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યો છે ?**
(A) DRDO (B) ISRO (C) CSIR (D) આપેલ પૈકી કોઈ નહીં

**72. ગુજરાત સરકાર દ્વારા આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા માટે કઈ જગ્યાએ 'નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ'ની સ્થાપના કરવામાં આવશે ?**
(A) આહવા (B) સાપુતારા (C) વાંસદા (D) એકતા નગર

**73. તાજેતરમાં ભારત અને મોરેશિયસ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2019-20 માં USD 690.02 મિલિયનથી વધીને વર્ષ 2021-22 માં કેટલું થયું છે ?**
(A) 710.01 મિલિયન (B) 780.5 મિલિયન (C) 790.82 મિલિયન (D) 786.72 મિલિયન

Banking Academy

**74. તાજેતરમાં ભારતના કયા શહેરમાં 'પર્યાવરણીય અંતરદષ્ટિ પ્રદર્શિત' (Environmental Insights Explorer) ડેટા પ્રથમ વખત બહાર પાડવામાં આવ્યુ?**
(A) નવી દિલ્હી (B) ગાંઝીયાબાદ (C) ઈન્દોર (D) <u>ઔરંગાબાદ</u>

**75. ઓગસ્ટ 2022 દરમિયાન ભારતના કેટલીક નવી રામસર સાઈટ જાહેર કરવામાં આવી?**
(A) 6 (B) <u>10</u> (C) 8 (D) 4

**76. ભારત અને મોરેશિયસ વચ્ચે કેટલા મિલિયનની ડિફેન્સ લાઈન ઓફ ક્રેડિટ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યું છે ?**
(A) <u>USD 100 મિલિયન</u> (B) USD 200 મિલિયન (C) USD 300 મિલિયન (D) USD 50 મિલિયન

**77. તાજેતરમાં કઈ સંસ્થાના અધ્યક્ષ તરીકે સુરેશ એન પટેલની નિમંણૂક કરવામાં આવી?**
(A) સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (B) <u>સેન્ટ્રલ વિજિલન્સ કમિશન</u>
(C) ભારતનું ચુંટણી પંચ (D) યુનિયન પબ્લિક સર્વિસ કમિશન

**78. તાજેતરમાં પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) ના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કોની નિમંણૂક કરવામાં આવી?**
(A) માધાબી પુરી બુચ (B) <u>રંજના દેસાઈ</u> (C) દિના મહેતા (D) સોમા મોંડલ

**79. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી ટકાઉ હાઈડ્રોજન ફયુઅલ સેલ વિકસાવ્યો છે?**
(A) અમેરિકા (B) ચીન (C) ફ્રાન્સ (D) <u>હોંગકોંગ</u>

**80. તાજેતરમાં ભારતમાં પ્રથમ વખત FIDE ચેસ ઓલિમ્પિયાડનું આયોજન કયા રાજયે કર્યુ?**
(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) મહારાષ્ટ્ર (D) ઓડિશા

**81. સમગ્ર વિશ્વમાં 1 ઓગસ્ટના રોજ 'વર્લ્ડ વાઈડ વેબ' (www) દિવસ ઉજવવામાં આવે છે. આ વર્લ્ડ વાઈડ વેબની શોધ કોના દ્વારા કરવામાં આવી હતી ?**
(A) જેમ્સ ગોસલીંગ (B) ગાઈડો વાન રોસમ (C) <u>ટીમ બર્નર્સ–લી</u> (D) જેક કિલબી

**82. 'રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?**
(A) 06 ઓગસ્ટ (B) <u>07 ઓગસ્ટ</u> (C) 08 ઓગસ્ટ (D) 09 ઓગસ્ટ

**83. ભારતમાં 'મુસ્લિમ મહિલા અધિકાર દિવસ' કયારે ઉજવવામાં આવે છે ?**
(A) 31 જુલાઈ (B) 26 જુલાઈ (C) <u>01 ઓગસ્ટ</u> (D) 08 ઓગસ્ટ

Banking Academy

# વર્તમાન પ્રવાહો

## Facts....Inshort

1. તાજેતરમા ચર્ચામાં રહેલ નદીનું નામ જણાવો, જેનું એક ગ્લાસ પાણી પીધા બાદ પંજાબના મુખ્યમંત્રીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે? – **કાલી બિન નદી**
2. તાજેતરમાં કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા નવેમ્બર, 2022 સુધી કયો રિપોર્ટ બહાર પાડવામાં આવશે ? – **નેચ્યુરલ રિસોર્સ એકાઉન્ટિંગ રિપોર્ટ**
3. તાજેતરમાં કોના દ્વારા લોકટક તળાવ પરના તરતા ઘરો (Floating Houses) માછીમારીના માળખાને (Fishing Structure) હટાવવા માટે નોટિસ જાહેર કરવામાં આવ્યું છે ? – **લોકટક લેક ઓથોરિટી ઓફ મણિપુર**
4. તાજેતરમાં ઈ–શ્રમ પોર્ટલ પર કેટલા કરોડથી વધુ અસંગઠિત કામદારો નોંધાયા છે. જેમના માટે સરકાર સામાજિક સુરક્ષા યોજના ઘડી રહી છે ? – **28 કરોડથી વધુ**
5. તાજેતરમાં ગુજરાતમાં રાજ્યકક્ષાની સિનિયર જુડો ચેમ્પિયનશીપનો પ્રારંભ કયા કરવામાં આવ્યો ? – **પાટણ**
6. ગુજરાતમાં રાજ્યકક્ષાના વર્ષ 2022ના સ્વતંત્રતા પર્વની ઉજવણી કયા જિલ્લામાં કરવામાં આવશે ? – **અરવલ્લી**
7. તાજેતરમાં પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs)માં વિવિધ સુધારા અંગે ચર્ચા માટે કોની વચ્ચે બેઠક યોજાઈ છે ? – **નાણાં મંત્રી અને બેંકોના વડાઓ વચ્ચે**
8. તાજેતરમાં યુ.એસ.ના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર નેન્સી પેલોસી (Nency Pelosi) એ કયા દેશની મુલાકાત લીધી છે ? – **તાઈવાન**
9. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમદ સોલિહએ કયા દેશની મુલાકાત લીધી ? – **ભારત**
10. તાજેતરમાં મિનરલ્સ સિક્યુરિટી પાર્ટનરશિપમાં સ્થાન ન મળવાને કારણે કયા દેશની સરકારની ચિંતામાં વધારો થયો છે ? – **ભારત**
11. કેન્દ્ર સરકારના આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ખાંડની સિઝન (ઓકટોબર–2022 થી સપ્ટેમ્બર–2023) માટે શેરડીના વાજબી અને લાભકારી ભાવમાં કેટલા રૂપિય વધારો કર્યો છે જે પહેલા 290 રૂપિયા હતું ? – **15 રૂપિયા પ્રતિ કિવન્ટલ**
12. તાજેતરમાં કયા રાજ્યમાં ફરી એકવાર પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે જે વર્ષ 2018 માં પૂરનું પુનરાવર્તન છે ? – **કેરળ**
13. ડાયમોનિય ફોસ્પેટમાં ભારત આત્મનિર્ભર બનશે, જેનું ખનન સેનેગરમાં અને 10 લાખ મિલિયન ટનનું ઉત્પાદન કયા દેશમાં કરવામાં આવશે? – **ભારત**
14. તાજેતરમાં કયા રાજ્ય / કેન્દ્રશાસિત મુખ્યમંત્રીને સિંગાપોર સરકાર દ્વારા વર્લ્ડ સિટી કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આપવામાં આવ્યું હતું, પરંતુ કેન્દ્ર સરકારે તેમની મુલાકાત માટે મંજૂરી આપી નથી ? – **દિલ્હીના મુખ્યમંત્રી**
15. તાજેતરમાં કયા કોર્ટ દ્વારા આંધ્રપ્રદેશની એક મહિલાના પુર્નલગ્ન પછી તેના સ્વર્ગસ્થ પતિથી જન્મેલા સગીર પુત્રની અટક બદલવાના નિર્ણયને સમર્થન આપ્યું છે ? – **સુપ્રીમ કોર્ટ**
16. તાજેતરમાં સંચાર મંત્રાલય હેઠળના કયા ડિપાર્ટમેન્ટ દ્વારા ટેલિકોમ સેકટરને સંચાલિત કરતા કાયદાકીય માળખામાં સુધારો કરવાની જરૂરિયાત પર ઈનપુટ આમંત્રિત કરવામાં આવ્યો છે ? – **ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન**
17. તાજેતરમાં કયા દેશમાં નવા બંધારણને મંજૂરી આપવા માટે લોકમત પસાર થયા બાદ વિરોધ કરવામાં આવી રહ્યો છે, જે દેશને રાષ્ટ્રપતિ પ્રણાલીમાં પાછો ફેરવશે ? – **ટ્યુનિશિયા**
18. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અનુસાર મોડલ ટેનન્સી એકટને કેટલા રાજ્યો દ્વારા સુધારવામાં આવ્યો છે ? – **4 (આંધ્રપ્રદેશ, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને આસામ)**
19. વેસ્ટર્ન ઈન્ડિયાના સૌથી મોટા 13માં ફાર્માટિક અને લેબટેક એકસ્પો–2022નું આયોજન કયાં કરવામાં આવ્યું ? – **ગાંધીનગર**
20. તાજેતરમાં વિશ્વની સૌથી ઝડપી ગ્રાફિકસ DRAM ચિપ કઈ કંપની દ્વારા વિકસાવવામાં આવી ? – **સેમસંગ**
21. તાજેતરમાં 'ફન્ટિયર' કમ્પ્યૂટર જાપાનના 'ફુગાકુ' કમ્પ્યૂટરને પછાડીને વિશ્વનું સૌથી ઝડપી સુપર કમ્પ્યૂટર બન્યું. તે કયા દેશનું છે ? – **અમેરિકા**
22. તાજેતરમાં મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2022માં શાંતારામ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા ? – **સંજીત નાર્વેકર**

Banking Academy

23. તાજેતરમાં "ભારતીય ઓલિમ્પિક એસોસિએશન" અને "ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન"ના પ્રમુખ પદ પરથી કોણે રાજીનામું આપ્યું ? – **નરિન્દર બત્રા**
24. તાજેતરમાં કયા ઓસ્ટ્રેલિયન ટેનિસ ખેલાડીને ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે ? – **લિયેટન હેવિટ**
25. તાજેતરમાં ઈંગ્લેન્ડના કયા ઓલરાઉન્ડરે એક દિવસીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે ? – **બેન સ્ટોક્સ**
26. કયા શહેરમાં 'સમર ઓલિમ્પિક ગેમ્સ 2028' નું આયોજન કરવામાં આવશે ? – **લોસ એન્જિલસ (અમેરિકા)**
27. હાલ સમાચારોમાં રહેનાર મેરાજ અહમેદ ખાન કઈ રમત સાથે સંકળાયેલ છે ? – **શુટીંગ (Shooting)**
28. તાજેતરમાં Ratan India Power ના MD અને CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – **બ્રિજેશ ગુપ્તા**
29. તાજેતરમાં રાજ્યના માર્ગ અને મકાન મંત્રી પૂર્ણેશ મોદી દ્વારા __________ ખાતે મોન્સુન ફેસ્ટિવલ 'મેઘ મલ્હાર'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. – **સાપુતારા**
30. તાજેતરમાં વિરોધ વચ્ચે સંસદમાં કયા બિલને રજૂ કરવામાં આવ્યું છે અને પછીથી વધુ ચર્ચા માટે સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યું છે ? – **વીજળી સુધારો બિલ, 2022**
31. તાજેતરમાં કયા બે દેશો વચ્ચે ત્રણ દિવસની હિંસા પછી યુદ્ધવિરામ થયો છે ? – **ઈઝરાયેલ અને ફિલિસ્તીન**
32. તાજેતરમાં નાણાંમંત્રાલયની માહિતી અનુસાર બેન્કિંગ સિસ્ટમમાં નકલી ચલણનું મૂલ્ય વર્ષ 2016-17માં 43.47 કરોડ રૂપિયાથી વર્ષ 2021-22માં કેટલી થઈ છે ? – **8.26 કરોડ**
33. તાજેતરમાં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશનના ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (FFPI) જુલાઈ, 2022માં સરેરાશ 140.09 પોઈન્ટ હતો, જે તેના પાછલા મહિનાના સ્તરથી કેટલા ટકા નીચો છે ? – **8.6%**
34. તાજેતરમાં કયા દેશે વર્ષ 2030 માટે તેના લક્ષ્યાંકોમાં વધારો કર્યો છે ? – **ભારત**
35. તાજેતરમાં ભારત સરકાર દ્વારા સંસદમાંથી કયું બિલ પાછું ખેંચી લેવામાં આવ્યું છે ? – **પર્સનલ ડેટા પ્રોટેકશન બિલ**
36. તાજેતરમાં વર્ષ 2015ના પરમાણુ કરારને પુનઃ જિવિત કરવા માટે કયાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટનો નવો રાઉન્ડ શરૂ થયો છે જેને જોઈન્ટ કોમ્પ્રિહેન્સિવ પ્લાન ઓફ એકશન (JCPOA) તરીકે ઓળખવામાં આવે છે ? – **વિયેનામાં (ઓસ્ટ્રિયાની રાજધાની)**

Banking Academy

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ



**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ
મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ



## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
**Ph. 70464 16555**

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
**Ph. 70466 41555**

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
**Ph. 90998 64658**